Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.9 - Issue 5
May 2016
Retail Price 10/-

Tapasya Dham
Shantivan, Abu Raod

વડોદરા ગ્લોબલ હોસ્પીટલ ખાતે 'ધ્વજારોહણ' બાદ
ડૉ. સતીષભાઈ, ડૉ. કેતનભાઈ પટેલ, સર્જન
ડૉ. જયકૃષ્ણભાઈ તથા બ્ર.કુ. રાજબેન.

ડીસા સેવાકેન્દ્ર પર 'મહાશિવરાત્રી ઉત્સવ'માં ડૉ. નગીનભાઈને
પ્રભુપ્રસાદ આપતાં બ્ર.કુ.સુરેખાબેન, બ્ર.કુ.લાલાભાઈ,
બ્ર.કુ. બાબુભાઈ.

રાજકોટ રાજનગર ખાતે 'ધ્વજારોહણ' કરતાં બ્ર.કુ. સૂરજભાઈ,
ડૉ. સુરેજાભાઈ, ડૉ. ફાલ્ગુનીબેન, વનિતાબેન તથા બ્ર.કુ. રાજબેન.

પાટણમાં 'શિવધ્વજારોણ' કરતાં બ્ર.કુ. નિલમબેન, બાજુમાં
નગર પાલિકાના પ્રમુખ જાગૃતિબેન, BJPનાં પ્રમુખ ભ્રાતા મોહનભાઈ.

મુંબઈ મીરાંરોડ ખાતે 'મહિલા દિન'ના કાર્યક્રમમાં મેયર ગીતા જૈન,
કૉરપોરેટર ડૉ. નયનાબેન, બ્ર.કુ. દિવ્યાબેન, બ્ર.કુ. રંજનબેન.

વડોદરા GIDCમાં 'વૃક્ષારોપણ' કાર્યક્રમમાં મહિલા મોરચાના પ્રમુખ
વિદ્યાબેન, મંત્રી કામિનીબેન, પૂર્વ ડે.મેયર નીરુબેન, બ્ર.કુ.ધીરજબેન.

નવસારીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે'
ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. ગીતાબેન સાથે મહિલા શ્રોતાગણ.

સુરત વરાછા ખાતે 'વિશ્વ જળ દિવસે' કાર્યક્રમમાં મેયર અસ્મીતાબેન,
અનિષના ચેરમેન ગીતાબેન, સમાજસેવિકા મહારુખબેન,
બ્ર.કુ. તૃપ્તિબેન.

Gyan Amrit જ્ઞાનામૃત

વર્ષ ૯ | મે-૨૦૧૬ | અંક : ૦૫

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- કથની અને કરણી ....તંત્રી સ્થાનેથી ..04
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..07
- દિવ્ય બુદ્ધિ ઈશ્વરીય ભેટ ....બ્ર.કુ. સૂર્ય ..10
- ડ્રામા, ભાગ્ય અને પુરુષાર્થ............બ્ર.કુ. આત્મપ્રકાશ ..13
- સદા ખુશ રહો, હસતા રહો ....બ્ર.કુ. અનિલ ..18
- સાંસ્કૃતિક ઉત્થાન દ્વારા સ્વર્ણિમ ....બ્ર. કુ. સતીશ ..19
- યુવા શોઝ શિવ ....બ્ર. કુ. વિવેકાનંદ ..22
- પરમાત્માની સત્ય ઓળખ ....બ્ર. કુ. ઋષિ ..25
- કંટ્રોલીંગ પાવર ....બ્ર. કુ. જયુભાઈ ..28
- સબસે ઊંચી પ્રેમ-સગાઈ ....બ્ર. કુ. બકાભાઈ ..30
- સમય છે પરિવર્તન કરવાનો ....બ્ર. કુ. ગોદાવરી ..31
- મુક્તકો ....બ્ર. કુ. કલ્યાણ ..31
- પરમાત્માનું દિવ્યકર્મ ....બ્ર. કુ. કિશોર ..32
- સફળતાનાં દશ સૂત્રો ....ડો. ચંદ્રકાન્ત ..34

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૦.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧૦૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર. કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨, ૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 27621551

મુદ્રક : રાજયોગિની સરલાદીદી
પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)
લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.

ગુજરાત ઝોન મુખ્યાલય :
બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ગામડીવાળા ડેરી સામે,
ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
Phone : 079 - 25324160, 25324460, 25324660

પ્રકાશન સ્થળ :
રાજયોગ ભવન, ૧, ચતુર્ભુજ કોલોની,
ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ-૨૮.
Phone : 079 - 25431676

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

કથની અને કરણી

લોકશાહી રાષ્ટ્રમાં વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મળેલો છે. લોકો પોતાને ગમે તેવા, ફાવે તેવા વિચારોની અભિવ્યક્તિ કરે છે. કથની અને કરણીમાં સમાનતા હોય તે વિશે બહુ થોડું અમલમાં મૂકાય છે. દોહામાં કહ્યું છે કે

કથની મીઠી ખાંડ સી, કરની વિષ કી લોય,
કથની તજી કરની કરે, તો વિષ સે અમૃત હોય.

કોઈપણ પ્રશ્ન, સમસ્યા હોય, તો વિચારોનો સતત પ્રવાહ ચાલે છે. મંતવ્યો, અભિપ્રાયોની વણથંભી, વણજાર ચાલે છે. ટી.વી. ચેનલો ઉપર વક્તાઓ આક્રમક શૈલીમાં લડતા હોય તે રીતે પોતાનાં મંતવ્યો રજૂ કરે છે. આખરે તેની ફલશ્રુતિ શું આવે છે તે મૂલ્યાંકનનો વિષય છે. જેટલી કથની પ્રભાવશાળી હોય છે તેટલી કરણી પાંગળી હોય છે એટલે આવા પ્રયાસોનું પરિણામ અલ્પપ્રમાણમાં આવે છે.

સાંપ્રત સમાજ જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં, વ્યવહારમાં શિથિલતા પ્રવર્તે છે ત્યારે આપણને શ્રેષ્ઠ આચરણનું મૂલ્ય સમજાય છે. ધર્મની પરિભાષામાં કહેવામાં આવ્યું છે કે **આચારઃ પરમો ધર્મઃ** અર્થાત્ આચરણ એ શ્રેષ્ઠ ધર્મ છે, પરમ ધર્મ છે. તેનું પ્રત્યક્ષ પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. **આજે પ્રકાંડ પંડિતો, પ્રખર બુદ્ધિજીવીઓ, વિદ્વાનો જોવા મળશે. પણ શ્રેષ્ઠ આચરણવાળી વ્યક્તિઓ અલ્પ સંખ્યામાં જોવા મળે છે. તેથી વિચાર અને વાણી કરતાં શ્રેષ્ઠ આચરણનું મૂલ્ય વિશેષ છે.** આજે કમ્પ્યુટર પણ અવનવાં કાર્યો કરે છે. પણ માનવ તેના દિવ્યગુણોના ગુલદસ્તાની સૌરભથી તથા ઉમદા વ્યવહારથી અલગ તરી આવે છે.

આજે આપણે પરીક્ષાલક્ષી શિક્ષણ મેળવીએ છીએ. અધ્યાપકો, શિક્ષકોના આચરણનો પ્રભાવ વિદ્યાર્થીઓ ઉપર અલ્પકાલીન હોય છે. શિક્ષણનાં મૂલ્યો વિસરાયાં છે. ગુણવત્તા ઓસરી રહી છે. આજે શિક્ષણે પણ વ્યવસાયનું રૂપ ધારણ કર્યું છે. ભ્રષ્ટાચારની રીતરસમોથી આ ક્ષેત્ર પણ દૂષિત બન્યું છે. ક્યાંય વિશ્વાસ, શ્રધ્ધા, આદર્શ, અનુશાસનની પરંપરાઓ તેના શ્રેષ્ઠ સ્વરૂપમાં જોવા મળતી નથી. અનેક ડીગ્રી ધારીઓ તૈયાર કર્યા પછી પણ આપણે કેવા નાગરિકો, નેતાઓ મેળવીએ છીએ તે ચિંતનનો વિષય છે.

આજનો યુગ ભાષણનો યુગ છે. કેટલીક સંસ્થાઓ ભાષણો ઉપર જ ચાલે છે. ભાષણોમાં મોટા મોટા આદર્શોની વાતો કરનાર વક્તાઓના વ્યવહારમાં વાણી કરતાં ભિન્નતા જોવા મળે છે. તેથી **કથની સરળ છે, કરણી અઘરી છે. આદર્શ સહેલો લાગે છે, વ્યવહાર અઘરો લાગે છે. ગમે તેટલા સુંદર વિચારો હોય પણ આચરણ વિના તે પાંગળા છે.** કલા અને ધર્મ એ બે ભિન્ન વસ્તુઓ છે. આમ છતાં રામ, સીતા જેવાં ઉચ્ચ પાત્રો ભજવનારા કલાકારોના જીવનમાં કોઈપણ પ્રકારની શિથિલતા જોવાનું દર્શકોને ગમતું નથી. તે સૂચવે છે કે કલા કે અભિનયમાં જ નહીં પણ જીવનમાં આચરણનું પણ ઘણું મહત્ત્વ છે.

આપણે નોકરી, વ્યવસાય કે ભિન્ન ભિન્ન સંસ્થાઓ સાથે સંપર્કમાં આવીએ છીએ. **જેનું વ્યક્તિત્વ પારદર્શી, ગુણવત્તાયુક્ત, વિશેષતાઓ સંપન્ન હોય છે તેઓ ઉચ્ચ પદો પર પસંદગી પામે છે.** વિદેશની નામાંકિત કંપનીઓમાં ભારતીય મૂળના નિષ્ણાતો ઉચ્ચ સ્થાને પહોંચ્યા છે. વ્યક્તિનું મૂલ્યાંકન તેની કથની અને કરણીની સમાનતા

અને પરિણામલક્ષી કાર્યદક્ષતાથી થાય છે. જીવનના કોઈપણ ક્ષેત્રે ઉચ્ચસ્થાને પહોંચવા માટે વ્યક્તિત્વ એ જ યથાર્થ ઓળખ બને છે. યોગ્ય બન્યા વિના યોગ્યતાઓની અપેક્ષાઓ રાખવી અને સત્તાધીશોની સિફારસથી ઉચ્ચપદે પહોંચવું તે કેટલું ટકે? કેવાં પરિણામો લાવે. આજના યુગમાં પણ લોકો જેના જીવનમાં નક્કર વાસ્તવિકતા-યુક્ત શ્રેષ્ઠ જીવન છે એને આદર આપે છે.

આપણે કહીએ છીએ કે **'કહેવા કરતાં કરવું ભલું.' પંડિતાઈના પાશેર કરતાં આચરણનો અધોળ ચડિયાતો છે.** વાક પટુતા, વિદ્વતા, લોહચુંબકીય વ્યક્તિત્વ, પ્રભાવિત કરવાની કલા વગેરે આપણને મુગ્ધ કરી દે છે. તેના પ્રત્યે પ્રશંસાના શબ્દો પણ નીકળે છે. આમ છતાં આપણું મસ્તક તો માત્ર આચરણની આદર્શ મૂર્તિના ચરણોમાં જ ઝૂકે છે. સમય આવે સત્ય અને આભાસ પ્રગટ થઈ જાય છે. અંતે આચરણની પ્રત્યક્ષતા થાય છે.

જનતાના કલ્યાણ માટે પંચવર્ષીય યોજનાઓ કરવામાં આવી. કરોડો રૂપિયાના ખર્ચે સરકારી યોજનાઓની જાહેરાતો થાય છે. સમાજના ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં પરિવર્તન લાવવા માટે કાર્યક્રમો બનાવવામાં આવે છે પણ આયોજકોમાં, વહીવટકર્તાઓ, શાસકોમાં ભ્રષ્ટતા હશે તો સમાજને તેનો લાભ કેટલો મળશે? કરોડોના ભ્રષ્ટાચારનાં કૌભાંડો પ્રસિદ્ધ થયાં છે. પ્રત્યક્ષ થયાં છે. પણ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા લોકોને કાયદાઓની છટકબારીઓ, અવનવા ઉપાયો આવડે છે. તેથી ભ્રષ્ટાચાર પણ લોકો સ્વીકારતા થયા છે. **જેના આચરણમાં શ્રેષ્ઠતા, શુદ્ધિ અને સાત્વિકતા હોય તેના હાથમાં સેવા અને સત્તાનાં સૂત્રો હોય, તો તે નક્કર પરિણામ લાવી શકે છે.** જેનું આચરણ શ્રેષ્ઠ હોય તે જ સમાજને બદલી શકે છે. જે સ્વયં બદલાતો નથી તે બીજાને બદલી શકતો નથી. તેથી ઉપદેશ કરતાં આચરણનું વિશેષ મહત્ત્વ છે.

આ અંગે મહા મર્મજ્ઞ ગુર્જિફના શબ્દો ઉલ્લેખનીય છે. **'આ સંસારમાં કેવળ એક જ જાદુ છે. અને તે આચરણ. જે શક્તિ સજાગ આચરણમાં રોકવામાં આવે છે તે જીવનની મૂડી બની જાય છે. કેવળ યંત્રવત્ ખર્ચેલી શક્તિ સદાને માટે મિથ્યા થાય છે.'**

સોનાને કાટ લાગતો નથી. જેનું વ્યક્તિત્ત્વ સોના જેવું શુદ્ધ, ગુણવાન, મૂલ્યવાન છે તેનું ગૌરવ થાય છે. તે રીતે **આચરણ દ્વારા આદર્શોને સાકાર કરનાર દેશ વિશ્વની વિભિન્ન ક્ષેત્રની મહાન વિભૂતિઓ દેશકાળનાં બંધનોથી મુક્ત રહી સમગ્ર વિશ્વમાં આદરપાત્ર બને છે. તેમના જીવનકાર્ય દ્વારા તેમની કીર્તિ અવિચળ રહે છે. સત્તાધીશોના પ્રભાવ કરતાં આવી વ્યક્તિઓનો પ્રભાવ વધુ ટકે છે.** જે અનેકોના જીવનમાં પ્રકાશ પાથરે છે. પ્રેરણાનાં પીયૂષ દ્વારા આત્માઓમાં વિશેષ શક્તિ ભરે છે. આવા મહાન સ્ત્રી પુરુષોનાં જીવનચરિત્રો અનેકોને શ્રેષ્ઠ જીવનનો રાહ ચીંધે છે. સત્તાધીશો ના કરી શકે તેટલું મૂલ્યવાન પ્રદાન આ મહાન આત્માઓ કરે છે.

'ચિત્તે, વાચિં ક્રિયાયાં ચ સાધૂનામ્ એકરૂપતા.' જેનાં મન, વાણી અને કર્મ એકરૂપ છે તે મહાન (સાધુ) છે. આજના યુગમાં વ્યક્તિના મન, વાણી અને કર્મમાં વિરોધાભાસ જોવા મળે છે. કથની અને કરણી વચ્ચે ઘણો મોટો ગાળો છે. તેથી જનતાના આયનામાં દેખાતી દંભી માનવોની તસ્વીર આદર જન્માવી શકતી નથી. જ્યારે આચરણ દ્વારા અદનો માનવ પણ ઉચ્ચસ્થિતિને પામે છે. સ્વાતંત્ર્ય સંગ્રામકાળના નેતાઓમાં વ્યક્તિત્વની જે મહાનતા દેખાતી હતી. જીવન સ્ફટિક જેવાં નિર્મળ, આદર્શવાદી હતાં તેવી

સ્થિતિ આજની નથી. આચરણની આદર્શ પ્રતિભાઓ જનતાના હૃદયોમાં જીવે છે.

આચરણ એ એક સ્વાભાવિક, નૈસર્ગિક પ્રક્રિયા છે. આચરણમાં માનનારી વ્યક્તિ પ્રસિદ્ધિનાં ઢોલ વગાડતી નથી. વાણી વિલાસમાં રાચતી નથી. તે પોતાની હાજી હા કરનારાઓનો વર્ગ ધરાવતી નથી. તેને માત્ર કાર્યના અમલમાં જ રસ છે. જેમાં કર્તવ્યનો આનંદ છે, ત્યાં આચરણની સુવાસ છે. વાણી કરતાં મૌનમાં અજબ શક્તિ છે. તે રીતે આદર્શ કરતાં વ્યવહાર મહાન છે. આચરણમાં માનતી વ્યક્તિ સૌ માટે વિશ્વાસપાત્ર બને છે. તેના શબ્દોમાં વજન હોય છે. તેની વાણીનું મૂલ્ય હોય છે. કાર્ય સાફલ્યની અપેક્ષા હોય છે. આવી વ્યક્તિને લોકોના સહકારના અભાવની, નાણાની કે સુવિધાઓના અભાવની તકલીફ વેઠવી પડતી નથી. તે સૌ તેને મન સહજ સાધ્ય બની જાય છે. તે ટ્રસ્ટી બનીને પોતાનું કાર્ય પાર પાડે છે.

આજે ચોમેર અંધકારનાં વાદળો ઘેરાઈ ગયાં છે. અનેકવિધ સમસ્યાઓના ઢગલાઓ ખડકાઈ ગયા છે. અખબારોમાં, ટી.વી. ચેનલોમાં, સાઈબર મીડિયામાં તેનું પ્રતિબિંબ જોવા મળે છે. પોકળ વચનોની પાખંડી લીલા સર્વવ્યાપી બની છે. પક્ષ કે સંસ્થાઓ ગમે તે હોય તેમના વ્યવહારમાં પરિવર્તન દેખાતું નથી. મત મેળવવા કરાતા હીન પ્રચારો વાંઝિયા સાબિત થાય છે. માત્ર પ્રચાર માધ્યમોનો સાથ અને વિજ્ઞાપન કલાનો ઉપયોગ કરી જનતા ઉપર ભૂરકી નાખનારા આ દંભી લોકોથી ચેતવાનો એક જ ઉપાય છે. તે વ્યક્તિના જીવનનું સાંગોપાંગ દર્શન કરવાનો. તે વ્યક્તિના કાર્યની રૂપરેખાને નિહાળવાનો. માત્ર ભાવાવેશ, ગણતરી કે ક્ષણિક લાભના પ્રભાવમાં આવી જઈને ભોળી જનતા અયોગ્ય વ્યક્તિને સત્તાસ્થાને બેસાડે છે ત્યારે સમાજને તેનાં માઠાં પરિણામો ભોગવવાં પડે છે. તેથી આજના યુગની તાતી જરૂરિયાત વાણી વિલાસની નહીં પણ શ્રેષ્ઠ આચરણની છે.

ભારતમાં જ્યારે ચંદ્રગુપ્ત મૌર્યનું શાસન ચાલતું હતું ત્યારની આ વાત છે. તેના ગુરુ મહાઅમાત્ય ચાણક્યની બુદ્ધિપ્રતિભા, વિદ્વતા અને રાજનીતિની કુશળતાનાં યશોગાન સર્વત્ર પરિમલની જેમ પ્રસરી ગયાં હતાં. તેમની પ્રતિભાથી અંજાયેલો એક વિદેશી ચાણક્યની મુલાકાતે આવ્યો. નગરમાં આવી મહાઅમાત્ય ચાણક્યના નિવાસ સ્થાનની પૂછપરછ કરી. કોઈએ ઉત્તર આપ્યો કે નગરની બહાર જાઓ. ત્યાં તેમનું નિવાસ સ્થાન છે. વિદેશી ચાણક્યના નિવાસે આવીને પૂછપરછ કરવા લાગ્યો. આ સમયે ચાણક્ય સરિતામાં સ્નાન કરીને પાણીનો ઘડો ભરીને પાછા આવી રહ્યા હતા. વિદેશીએ પૂછ્યું, 'મહાઅમાત્ય ચાણક્યનું નિવાસ સ્થાન આ કે ?' ચાણક્યે ઉત્તર આપ્યો, 'હા, બેસો', પછી ચાણક્યે ધોયેલું ધોતિયું સૂકવ્યું અને વિદેશીનું સ્વાગત કરી, સામે જઈને કહ્યું, 'બોલો, શું કામ છે ? હું જ ચાણક્ય છું.' વિદેશી તો આ સાંભળીને ડઘાઈ ગયો. **મૌર્ય સમ્રાટનો મહાઅમાત્ય ઝૂંપડીમાં, આવી સાદી રીતે રહે છે. તેના ચિત્તમાં આચરણ, ત્યાગ પ્રધાન ભારતીય સંસ્કૃતિની છાપ લાગી ગઈ.**

॥ ૐ શાંતિ॥

- બ્ર. કુ. કાલિદાસ

ક્યાંય પણ જાઓ તો એ લક્ષ્ય રાખો કે જ્યાં જઈએ ત્યાં યાદગાર કાયમ બનાવીએ. જ્યારે આત્મિક પ્રેમની ભેટ સાથે હશે ત્યારે આમ બનશે. આ આત્મિક પ્રેમ પથ્થરને પણ પાણી બનાવી દેશે. એનાથી કોઈના ઉપર પણ વિજય મેળવી શકો છો.

પ્રસન્નતાના પથ પર

બ્ર.કુ. શિવાનીબેન

ખુશીનો સંબંધ ભવિષ્ય સાથે

જીવનમાં લક્ષ્ય પ્રાપ્તિ કરવાની છે. કંઈક મેળવવા ઈચ્છીએ છીએ તે સારી વાત છે. પણ જેઓ આ રીતનું જીવન જીવે છે તે પ્રાપ્તિ ઉપર આધારિત છે. એક લક્ષ્ય પ્રાપ્તિ પછીથી તેઓ ખુશ થઈને બેસી નહીં રહે. તેમની નજર બીજી પ્રાપ્તિની દિશા તરફ મંડાય છે. પ્રાપ્તિ થાય છે ત્યારે એમને પ્રોત્સાહન મળે છે ક્યારેક આ માન્યતા પણ હોઈ શકે છે યા બીજાઓની સ્વીકૃતિ હોઈ શકે છે. પ્રાપ્તિથી ખુશી મળવાનો અનુભવ થાય છે. જે લક્ષ્ય મેળવવાનું નક્કી કર્યું હોય, તે મળી જાય છે ત્યારે રાહતની અનુભૂતિ થાય છે. તેનાથી આપણને રાહત મળે છે પણ ખુશી નહીં. જેમણે પ્રાપ્તિના લક્ષ્ય પર ખુશી મેળવવાનો હેતુ રાખ્યો હોય છે તેઓને રાહત મળે છે પણ ખુશી નહીં. લક્ષ્ય તરફ કેન્દ્રિત થવાનો ઉદ્દેશ કંઈક મેળવવાનો હોય છે. એક પછી બીજી પ્રાપ્તિ તરફ મન ચાલ્યા કરે છે. પણ તેથી ખુશીની મંઝિલ મળતી નથી.

પ્રશ્ન : એમાં કંઈક ગુમાવવાનો ડર રહે છે. મારી પાસે જે કંઈ છે તે ચાલ્યું ના જાય ?

ઉત્તર :ક્યાંક ને ક્યાંક એમની ખુશી એ પ્રાપ્તિ ઉપર નિર્ભર બની જાય છે. કારણ કે તે એક સંસ્કાર બની જાય છે. પ્રાપ્તિ માટે ગમે તે કરવા માટે તેઓ તૈયાર રહે છે. સ્વપ્ન જોવું, ઘણા વધારે ભવિષ્ય વિશે વિચારવું તો સ્વયંને પૂછવું જોઈએ કે તેનાથી મને ખુશી મળશે ? મોટે ભાગે આપણે ભવિષ્યમાં ખુશીની શોધ કરીએ છીએ. આ તો ઈચ્છા થઈને. દરેક કહેશે કે છાયા વિના જીવન કઈ રીતે વીતશે ? હું લોકો પાસેથી પ્રેમ મેળવવાની ઈચ્છા રાખું છું. વધારે સમય માટે તેની ઈચ્છા રાખું છું. મને વધારે સમય મળી જાય તો હું ઘણું બધું કરી શકું છું. મને તો ચોવીસ કલાક પણ ઓછા પડે છે. આ જે ઈચ્છાઓની યાદી છે તે ઘણી લાંબી હોય છે આપણે ક્યારેક કહીએ

છીએ કે આપણી ઈચ્છાઓ કદી પૂરી થતી નથી. આપણી જેટલી ઈચ્છાઓ પૂરી થાય છે એટલી એની યાદી લાંબી થતી જાય છે કારણ કે આ ઈચ્છાઓની પાછળ જે સૂક્ષ્મ વિચાર હોય છે તે એ હોય છે કે જ્યારે આ સર્વ ઈચ્છાઓ પૂરી થઈ જશે તો હું પૂર્ણરૂપે સુરક્ષિત બનીશ અને ખુશી અનુભવ કરીશ. જ્યારે રાજયોગ આપણને એ શીખવાડે છે કે બહારની કોઈ ચીજ આપણને ખુશી આપી શકતી નથી. હું પૂર્ણ થઈ જાઉં એ માટે બહારથી કંઈ જોઈએ નહીં. હું સદા સંપન્ન છું.

પ્રશ્ન : આપણે પૂર્ણ અનુભવ કેમ કરી શકતા નથી. આપણે સમગ્ર અવધારણાને સમજવી પડશે. આપણી બહારથી એ ઈચ્છાઓ છે જે પ્રેમની હોય, જ્ઞાનની હોય, કોઈ ચીજ યા પ્રાપ્તિની જ કેમ ના હોય ?

ઉત્તર : માન્યતા (બિલીફ સીસ્ટમ)ને આધારે અનુભવ કઈ રીતે થાય છે ? વિશ્વાસ પર. મારો એ વિશ્વાસ છે કે આ થશે તો હું સારી અનુભૂતિ કરીશ. આમ થશે તો મને સારું લાગશે.

પ્રશ્ન : આપણે એને બદલવાની કોશિશ કરીએ છીએ જ્યારે કે હું પહેલાંથી જ ખુશ છું.

ઉત્તર : હું સંપૂર્ણ છું. ભરપૂર છું અને સુંદર છું. આ

યથાર્થ છે.

પ્રશ્ન : હવે હું નવી માન્યતા (બિલીફ સીસ્ટમ) કઈ રીતે ઉત્પન્ન કરું ?

ઉત્તર : હવે આપણે આ વિચાર પહેલાંથી જ નિર્મિત કરી દીધો. હવે તેનું શું કરવાનું છે. આ અવધારણા (સમજણ)ને જીવનમાં સાથે લઈને ચાલવાનું છે. જેમ કે કોઈ વિચાર આવે કે આ થશે તો મને સારું લાગશે જ્યારે મને પહેલાંથી જ સારું લાગી રહ્યું છે. હા, જો આમ હોય તો ઘણું સારું. મારી અનુભૂતિ એના ઉપર આધારિત નથી. એક દિવસ એનો અનુભવ કરીને જુઓ. આપ પોતાને અચાનક ઘણા ઘણા હળવા યા ઉપરામ અનુભવી શકશો.

પ્રશ્ન : જો હું સંકલ્પ કરું કે જો તેમ થશે તો આપણે અનુભવ કરીશું.

ઉત્તર : પણ એ પછી આપણે એક બીજો સંકલ્પ કર્યો કે જો આ થશે તો મને સારું લાગશે. જેમ તેઓ હજુ પણ સાધનો ઉપર આધારિત છે, તો તે હંમેશા સાધનો ઉપર જ આધારિત રહેશે. જેમ કે હું આપના ઉપર આધારિત છું કે આપ મારી સાથે સારી રીતે વાત કરશો તો મને સારું લાગશે. જે રીતે હું આપની પાસે સારા વ્યવહારની અપેક્ષા રાખું છું તેવી બીજાઓ પાસે પણ રાખું છું કે તેઓ મારી સાથે સારો વ્યવહાર કરે. ત્યારે એ પ્રશ્ન ઉઠે છે કે શું આ સર્વ આપણી અપેક્ષા અનુસાર થશે ?

પ્રશ્ન : આપણી એ માન્યતા હતી કે તેઓ મારી સાથે સારી રીતે વાત કરશે તો હું ખુશ થઈશ. શું દરેક સ્થળે આ ઉપાય ચાલશે ? આ તબક્કે મનમાં એ સંકલ્પ ઉઠે છે કે આપ શું ઈચ્છો છો ? સ્થૂળમાં પણ એમ કરો. જે ચીજ આપને જરૂરી છે એને સંકલ્પ દ્વારા નિર્મિત કરો. એ ભવિષ્યને જુઓ એ પછી એને દૃષ્ટિગોચર પણ કરતા રહો.

દાખલા તરીકે મારે કંપનીના સી.એ. બનવું છે. તો આપ એના માટે સંકલ્પ કરવાનું શરૂ કરી દો. સાથે સાથે કલ્પના પણ કરતા જાઓ કે હું કંપનીનો સી.એ. બની ગયો છું. આ પ્રકારના દૃષ્ટિકોણમાં કોઈ શંકા યા મૂંઝવણ ના હોવી જોઈએ.

ઉત્તર : કેટલાક લોકો આ પ્રકારે મેળવવામાં સક્ષમ હોય છે. એક જ સમયમાં કેટલાક લોકો એને મેળવી શકતા નથી. આપણામાં ઘણા થોડા લોકો જ એવા છે જેઓ કોઈપણ શંકા કર્યા વિના કલ્પના કરે છે. આમ થવું જ જોઈએ એ લક્ષ્ય સાથે આપણે જોડાઈ જઈએ છીએ. આમાં વચ્ચે વચ્ચે આ મળશે કે કેમ તેની શંકાના સંકલ્પો ચાલે છે. આપણે ભવિષ્યમાં જે મળવાનું છે તેના ઉપર આધારિત બની જઈએ છીએ. ઈચ્છા પ્રમાણે પ્રાપ્તિ થાય તો સારું. બાકી સૌ કાંઈ મારા અધિકારમાં નથી.

જ્યારે આપણે કહીએ છીએ કે 'સંકલ્પ આપણા ભાગ્યનું નિર્માણ કરે છે.' ત્યારે આપણે એ સમજવું પડશે કે જે વિચાર હું નિર્મિત કરી રહી છું તે અત્યારે પણ મારું ભાગ્ય બનાવી રહેલ છે. એ રીતે અત્યારે જે થઈ રહ્યું છે તે અતીતમાં આપણે નિર્માણ કરેલા વિચારોને કારણે જ થઈ રહ્યું છે. અત્યારે તો મેં મારા વિચારો બદલી દીધા છે. એવું પણ બની શકે કે પહેલાં આપણે ઘણી સારી ઉર્જા, ઘણા વિચારો નિર્મિત કર્યા હોય. જે બ્રહ્માંડમાં ચાલ્યા ગયા હતા. તે ઉર્જા પાછી આપણી પાસે આવી રહી છે. આપણે તરત પરિણામની આશા રાખીએ છીએ. આપણે સંકલ્પ કર્યા તેમ થવું જોઈએ. આમ આપણે ક્યાંકને ક્યાંક ભવિષ્ય સાથે જોડાઈ જઈએ છીએ. અત્યારે આપ જે એક એક પળ સારી રીતે વીતાવો છો તો તેનું પરિણામ તમે જોઈ શકશો. આને કારણે આપ એટલા શક્તિશાળી બની જશો કે તમારી સામે ગમે તેવી પરિસ્થિતિ આવશે તો તમે તેનો સામનો કરી શકશો. આપનામાં એટલી ક્ષમતા આવી જશે. જો

આપે આપનો સમય ભયમાં, ભવિષ્યના અનુમાનમાં લગાવી દીધો તો આપ એટલા નબળા પડી જશો કે સામાન્ય પરિસ્થિતિનો પણ સામનો નહીં કરી શકો.

આપણે ભવિષ્ય વિશે વિચારીએ છીએ પણ તે મારા હાથની વાત નથી. તેથી ભવિષ્ય વિશે વિચારવાથી મારી શક્તિઓ ક્ષીણ થશે. તેમ કરવાથી અંદરની જે શક્તિઓ છે તે પણ નષ્ટ થશે. આપણે કોઈપણ લક્ષ્ય બનાવીએ પણ તે કોઈના ઉપર આધારિત ના હોવું જોઈએ. આપણે એ તૈયારી રાખવી જોઈએ કે મારી અપેક્ષા પ્રમાણે ના થયું તો આપણે દુઃખી નહીં થવું જોઈએ. લક્ષ્ય બનાવતી વખતે વર્તમાનને ના ભૂલીએ.

પ્રશ્ન : આશ્ચર્યની વાત છે કે આપણે જિદ્દી બની જઈએ છીએ ?

ઉત્તર : ઉદ્દેશ્ય નક્કી કરીને મેં સંકલ્પ કર્યો કે આ ઉદ્દેશ્ય પૂર્ણ થશે તો હું ખુશ થઈશ. પછી એ ઉદ્દેશ્યને સાકાર કરવામાં તન્મય બની જઈએ છીએ. તેમ કરતાં તનાવનો અનુભવ થાય છે. મારું ધ્યેય સિદ્ધ કરવાના પુરુષાર્થમાં ગુસ્સો પણ આવે છે. સંબંધો ઉપર પણ તેનો પ્રભાવ પડે છે. આપણે એવું વિચારીએ કે જે થશે તે સારું જ થશે. જો હું સારી ઉર્જા ઉત્પન્ન કરીશ તો મારી સાથે ખોટું શા માટે થાય ? અત્યારે જે ઉર્જા બહાર જઈ રહી છે તે પાછી આવશે. તેથી માનસિક રીતે તૈયાર થાઓ કે મારી સાથે જે થશે તે સારું જ થશે.

એક એક પળ વર્તમાનમાં જીવો. આ પ્રયોગ કરીને જુઓ. આપ ભવિષ્ય માટે બહુ ના વિચારતાં આજની પળ વિશે વિચારો. જેથી આવનાર પળો સારી જ હશે.

પ્રશ્ન : જ્યારે હું તનાવથી મુક્ત હોઉં છું તો પરિસ્થિતિને ચલાવવાની શક્તિ મારામાં આવી જાય છે. આપણને એવું લાગે છે કે જાણે તે કોઈ પરિસ્થિતિ નથી.

ઉત્તર : આપણા જીવનમાં દરેક પ્રકારની પરિસ્થિતિ આવવાની છે. અનેક પડકારો આવવાના છે. જો આપણને વર્તમાનમાં જીવવાનો અભ્યાસ નથી તો વિપરીત પરિસ્થિતિઓ આવતાં આપણે ગભરાઈ જઈએ છીએ કે હવે શું થશે ? સામાન્ય રીતે કોઈપણ પરિસ્થિતિ મોટી હોતી નથી. આપણે આર્થિક સંકટની વાત કરી હતી. એનું સમાધાન આપણે વર્તમાન સમયમાં રહીને કરવાનું છે. ગમે તેવી પરિસ્થિતિમાં નકારાત્મક વિચારો ના આવે. નકારાત્મક વિચારોથી આપણો ઉમંગ ઉત્સાહ નષ્ટ થઈ જશે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૧૨નું અનુસંધાન) .... દિવ્ય બુદ્ધિ ઈશ્વરીય ભેટ

તો આવો, આપણી બુદ્ધિને એટલી સ્વચ્છ કરીએ કે આપણને દૂરનાં દૃશ્યો સ્પષ્ટ દેખાઈ આવે. આપણને અદૃશ્ય શક્તિઓ સ્પષ્ટ દેખાઈ દે. આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ સર્વની તકલીફો દૂર કરવામાં કરીએ. આપણે તેનો ઉપયોગ સર્વમાં શુભ ભાવનાઓ ભરવામાં કરીએ. ધ્યાન રાખીએ કે પાવન બુદ્ધિના વિમાનમાં કોઈપણ અપવિત્ર છબી પ્રવેશ ના કરે. સર્વશક્તિવાને આપણને જન્મદિવસ પર આ ભેટ આપી છે. એના મૂલ્યને ઓળખીને આપણે તેનો ઉપયોગ સ્વયંને મહાન બનાવવામાં કરીએ. માયાને પરાજિત કરવામાં કરીએ. ત્યારે આપણે પણ આ સંસારમાં દિવ્યબુદ્ધિદાતાના રૂપમાં પ્રખ્યાત થઈશું.

॥ ઓમશાંતિ ॥

દિવ્ય બુદ્ધિ ઈશ્વરીય ભેટ

બી.કે. સૂર્ય, માઉન્ટ આબુ

બુદ્ધિ તો સર્વની પાસે છે પરંતુ બુદ્ધિવાન તો કોઈ કોઈ છે. આ ધરતી ઉપર બુદ્ધિવાન મનુષ્ય પણ વિભિન્ન ક્ષેત્રોમાં જોવા મળે છે, પરંતુ દિવ્યબુદ્ધિ કોઈ શ્રેષ્ઠ યોગી પાસે જ છે. સ્વયં દિવ્યચક્ષુ વિધાતા અને દિવ્ય બુદ્ધિના દાતા ભગવાને જેમને દિવ્યબુદ્ધિ ઈશ્વરીય ભેટ તરીકે આપી છે, તેઓ જ સમગ્ર વિશ્વમાં સર્વશ્રેષ્ઠ બુદ્ધિવાન તરીકે પ્રસિદ્ધ થશે. આમ તો દિવ્યબુદ્ધિની ભેટ એમણે પોતાના અનેક વત્સોને આપી છે પરંતુ એને જાળવી રાખનાર કોઈ વીરલા જ હોય છે.

દિવ્યબુદ્ધિ એક દિવ્યપાત્ર છે જેમાં જ્ઞાનરૂપી અમૃત સ્થિર થાય છે. આ સુવર્ણપાત્રને સુરક્ષિત રાખવું અર્થાત્ આ દિવ્યબુદ્ધિને સ્વચ્છ રાખવી એ જ સાચી બુદ્ધિમત્તા છે. આ વિશ્વમાં બુદ્ધિવાન મનુષ્યો તો ઘણા છે પરંતુ બુદ્ધિનો સદુપયોગ કરવાનું સૌ કોઈ જાણતા નથી. કોઈ મનુષ્ય પોતાની બુદ્ધિમત્તાને કારણે પરેશાન છે તો કોઈ બુદ્ધિના અહંકારવશ તનાવગ્રસ્ત છે.

બુદ્ધિવાન એ છે જે પોતાની બુદ્ધિને સ્થિર કરી શકે. બુદ્ધિવાન એ છે જે સ્વયંને વ્યર્થથી સુરક્ષિત રાખે. બુદ્ધિવાન એ છે કે જે પોતાના સંપૂર્ણ અહંકારને ભસ્મ કરી દે. બુદ્ધિવાન એ છે જે પોતાની બુદ્ધિને ક્યાંય પણ ગૂંચાવા ન દે. એને સ્વચ્છ રાખે. જે ઘણો વાચાળ છે. તે બુદ્ધિવાન નથી. બીજાઓ સાથેની ટક્કરનો ભોગ બને તે પણ બુદ્ધિવાન નથી. જેણે પોતાનું ચિત્ત નિર્મળ તથા શીતળ બનાવીને એમાં શુભભાવનાઓના ભંડાર ભરી દીધા હોય એ જ બુદ્ધિવાન છે.

દિવ્યબુદ્ધિ શું છે ?

જે બુદ્ધિ પૂર્ણ પવિત્ર છે. જેમાં જ્ઞાનસાગરનાં જ્ઞાન મોતી ભરેલાં છે. જે સદા સર્વશક્તિવાન સાથે જોડાયેલી છે, તે દિવ્યબુદ્ધિ કહેવાય છે. કોઈપણ બુદ્ધિવાન વ્યક્તિ જો અપવિત્ર છે તો એને દિવ્યબુદ્ધિ સંપન્ન કહી શકાશે નહીં. અહંકાર તથા ક્રોધ, ખરાબ ભાવનાઓ તથા ઈર્ષ્યાદ્વેષ દિવ્યબુદ્ધિનાં લક્ષણો નથી.

દિવ્યબુદ્ધિ શ્રેષ્ઠ ચિંતન તથા પવિત્રતાનું મિશ્રણ છે. જેણે યોગઅગ્નિથી પોતાની બુદ્ધિમાંથી તામસિક જીવાણુઓને નષ્ટ કરી દીધાં છે, એની જ બુદ્ધિ દિવ્ય બને છે.

જે મનુષ્ય પોતાની બુદ્ધિમાં પરચિંતનનો કચરો ફેંકતો હોય, જેના ચિત્તમાં ઈર્ષ્યા તથા ઘૃણાનાં બીજ અંકુરિત હોય, જે વારંવાર ક્રોધ તથા તનાવથી પીડિત રહે છે. તે કદી પણ પોતાની બુદ્ધિને દિવ્ય બનાવી ના શકે. જ્યાં અલૌકિકતા છે, ત્યાં બુદ્ધિની સ્થિરતા સમાયેલી છે.

મન, બુદ્ધિ તથા મસ્તિક

મન સંકલ્પશક્તિ, બુદ્ધિ વિવેકશક્તિ અને મસ્તિષ્ક તે કમ્પ્યુટર છે. જેમાં આપણે વિવેક ભરીએ છીએ. સંકલ્પ 'કી બોર્ડ' યા સ્વીચ બોર્ડ છે. જેના દ્વારા આપણે આ કમ્પ્યુટરને ચલાવીએ છીએ. મસ્તિષ્કની રચના સમગ્ર વિશ્વમાં સૌથી મોટું આશ્ચર્ય છે. કોણે પોતાના મસ્તિષ્કમાં કેવો વિવેક ભર્યો છે. - એનું ઘણું મહત્ત્વ છે. આપણે આપણું મસ્તિષ્ક સ્વચ્છ પણ કરવાનું છે. અને એમાં સદ્‌વિવેક પણ ભરવાનો છે. આ કાર્ય બુદ્ધિ કરે છે અને બુદ્ધિ જેટલી શ્રેષ્ઠ અને સાફ હશે એટલો જ સદ્‌વિવેક મનુષ્ય પોતાના મસ્તિષ્કમાં ભરી શકશે.

મનનાં સંકલ્પોને મહાન બનાવવા એ પણ બુદ્ધિમાં દિવ્યતા ભરવાનું સાધન છે. એ માટે

એકાંતમાં સ્વચિંતન તથા શ્રેષ્ઠ ચિંતનનો પરમ આનંદ ચાખવો જરૂરી છે.

બુદ્ધિ આપણો સર્વશ્રેષ્ઠ ખજાનો

બુદ્ધિ પર જ કોઈના જીવનનો આધાર છે. બુદ્ધિ જ મનનું નિયંત્રણ કરે છે અને એને નવી દિશા આપે છે. બુદ્ધિ જો નિર્બળ હશે, તો મન પર કાબુ રાખી શકશે નહીં. તો આપણે બુદ્ધિને શ્રેષ્ઠ પણ બનાવવાની છે. એમાં દિવ્યતા પણ ભરવાની છે. અને એને અત્યંત શક્તિશાળી પણ બનાવવાની છે. એમાં જરા પણ લૌકિકતા ના રહે. એમાં જરા પણ બહિર્મુખતા ના રહે. બુદ્ધિ મનુષ્ય જીવન માટે સર્વશ્રેષ્ઠ તથા પ્રથમ ખજાનો છે. એને ચોર લૂંટી ના જાય. એ સુરક્ષા રાખવી તે આપણું કર્તવ્ય છે. ધનનો અભાવ થાય તો કમાઈ શકીએ છીએ. તન રોગી થઈ જાય તો એને સારું કરી શકીએ છીએ. પરંતુ જો બુદ્ધિ બગડી જાય તો જીવન બગડી જાય છે.

એટલે સમજદાર મનુષ્ય પોતાની બુદ્ધિની સંભાળ રાખે. સાંસારિક સમસ્યાઓ તથા બીજાઓનો ખરાબ વ્યવહાર આપણી બુદ્ધિ પર એવું આક્રમણ ના કરે, જેથી એનું સમતુલન બગડી જાય. આપણે સ્વયં આપણી બુદ્ધિને સંભાળવાની છે. આ ખજાનાને સંભાળનાર સહજ જ સર્વ ખજાનાઓથી સંપન્ન બની જાય છે. અને જેણે આ ઉપર ધ્યાન નથી આપ્યું અથવા જે પોતાની બુદ્ધિના મહત્ત્વને જ નથી જાણતો એનો અર્થ એ પતનના માર્ગે ચાલી રહ્યો છે.

બુદ્ધિનો પ્રયોગ

જો આપણને શ્રેષ્ઠ બુદ્ધિ મળી છે. તો આપણે એનો યથાર્થ પ્રયોગ કરવાનું પણ શીખીએ. પરંતુ જો આપણી પાસે ઓછી બુદ્ધિ છે તો આપણે એનો સ્વીકાર કરી લઈએ અને એકાગ્રતા દ્વારા એની શક્તિમાં વૃદ્ધિ કરીએ.

જે સ્વયંને બુદ્ધિવાન સમજે છે એમણે પોતાની બુદ્ધિનો પ્રથમ પ્રયોગ મહાયોગી બનવામાં કરવો જોઈએ. તેઓ અતિ સૂક્ષ્મતાપૂર્વક નિરીક્ષણ કરે કે બુદ્ધિનો ઝુકાવ, ખેંચાણ, આસક્તિ ક્યાં છે અને ત્યાંથી હટાવીને એક પરમપિતામાં સ્થિર કરે.

જે દિવ્યબુદ્ધિ સંપન્ન છે, એણે પોતાની બુદ્ધિનો પ્રયોગ સ્વયંને સંપૂર્ણ બનાવવામાં કરવો જોઈએ. આપણે યાદ રાખીએ કે આઠ રત્ન જ આ વિશ્વમાં સૌથી અધિક બુદ્ધિવાન કહેવાશે. એના પછી બુદ્ધિવાન હશે વિજયી રત્ન.

આપણી બુદ્ધિનો ઉપયોગ ધરા પર આવેલ પરમાત્મા પાસેથી સંપૂર્ણ ભાગ્ય પ્રાપ્ત કરવામાં કરીએ. ભગવાનના સત્ય સ્વરૂપને ઓળખવામાં કરીએ. પોતાના કર્મોને દિવ્ય બનાવવામાં કરીએ. દિવ્ય બુદ્ધિવાન વ્યક્તિ જ દિવ્ય કર્મ કરી શકે છે. એની પાસે જ દિવ્ય શસ્ત્રોનો ભંડાર હોય છે.

બુદ્ધિવાને સમયને સારી રીતે ઓળખવો જોઈએ. સમયની યથાર્થ ઓળખ પણ દિવ્યબુદ્ધિની ઓળખાણ છે. સમયને ઓળખીને સ્વયંને પૂર્ણ સંતુષ્ટ તથા ભરપૂર બનાવવા એ જ બુદ્ધિવાન મનુષ્યનું કર્તવ્ય છે.

જે ખરેખર બુદ્ધિવાન છે તે સ્વયંને સંઘર્ષથી સુરક્ષિત રાખે. સંઘર્ષ તો સંસારમાં ઘણા છે. પરંતુ કેટલાક મનુષ્યો સંઘર્ષોમાં વૃદ્ધિ કરે છે અને કેટલાક સંઘર્ષોમાં અટવાઈ જાય છે. પરંતુ બુદ્ધિવાન વ્યક્તિ સદાયે સ્વસ્થ હોય છે. એટલે તે ક્યાંય અટવાતો નથી. તે સહજભાવથી સંઘર્ષોને રમત બનાવી દે છે.

બુદ્ધિવાન વ્યક્તિ સમય તથા સંકલ્પના મૂલ્યને જાણે છે. તેથી તે સમય અને સંકલ્પ નષ્ટ કરતી નથી. વ્યર્થ પ્રવાહથી સ્વયંને સુરક્ષિત રાખવા, વ્યર્થ પ્રત્યે વૈરાગ્ય રાખવો એ જ બુદ્ધિવાન વ્યક્તિની સાચી ઓળખાણ છે.

તો આવો, આપણે પોતાની ઈશ્વરીય બુદ્ધિનો ઉપયોગ જીવનને સુખી બનાવવામાં કરીએ. પોતાના જીવનને દિવ્ય બનાવવામાં કરીએ. પોતાના વિચારોને મહાન બનાવવામાં કરીએ. જેથી સંગમયુગ આપણા માટે અવિનાશી યાદગાર બની જાય.

પોતાના મસ્તિષ્કને સ્વસ્થ કરીએ

પ્રત્યેક મનુષ્યના મસ્તિષ્કમાં અનેક પડો ચઢેલાં છે. આપણને માલૂમ રહે કે આપણે જે કંઈ જોઈએ, સાંભળીએ, બોલીએ, વિચારીએ યા કર્મ કરીએ છીએ તે સર્વ આપણા મસ્તિષ્કના સ્મૃતિ કેન્દ્રના અબજો કોશોમાં છપાય જાય છે. આપણી ભાવનાઓ, કલ્પનાઓ સૃષ્ટિના આદિથી અત્યાર સુધી સર્વ કાંઈ ત્યાં નોંધાયેલું છે. આપણે એના ઉપરથી તામસિકતાનો પડદો દૂર કરવાનો છે.

આપણે એ પણ વિચારવાનું છે કે હવે આપણે પોતાના સ્મૃતિ કેન્દ્રમાં શું શું ભરીએ છીએ? જે પણ આપણે ભરીએ છીએ તે રેકોર્ડ ક્યારેના ક્યારે મનમાં યા મુખ ઉપર અવશ્ય વાગે છે. (દેખાય છે.) એ પણ સંભવ છે કે તે સર્વ અંતમાં આપણા માનસપટલ ઉપર સ્પષ્ટ દેખાઈ આવે. આ જન્મ જન્મની છાપ જ મનુષ્યના સ્વપ્નોનું પણ મુખ્ય કારણ છે.

મનમાં જે કંઈ છાપી દીધું પણ હવે સમય છે તે છાપ દૂર કરવાનો, ધોઈ નાંખવાનો. એની ધોલાઈ બે પ્રકારે થઈ શકે છે. એક તો એની ઉપર આપણે સારી વાતો રેકોર્ડ કરી લઈએ. જ્ઞાન ચિંતન તથા શ્રેષ્ઠ કર્મોની છાપ પાડીએ અથવા તો યોગનાં શક્તિશાળી કિરણોથી તેને ભસ્મ કરી દઈએ.

તો આપણે બંને વાતોનું ધ્યાન રાખવાનું છે. (૧) આપણા મસ્તિષ્કના કમ્પ્યુટરમાં હવે એવી વાતો ન ભરીએ જેનાથી આપણને બહુ નુકસાન થાય અને (૨) તીવ્રતાથી પાછલા ભરેલા વ્યર્થ રેકોર્ડને પણ નષ્ટ કરતા રહીએ.

દિવ્યબુદ્ધિનો પ્રયોગ

ભગવાને આપણને દિવ્ય વિવેક આપ્યો છે. આપણને તેની કિંમતનું જ્ઞાન છે. આ દિવ્યબુદ્ધિ આપણા અનેક જન્મોને દિવ્યતા તરફ લઈ જાય છે. આપણે તેને માયાથી સુરક્ષિત રાખીએ. એનો અર્થ છે કે આપણે આ બુદ્ધિમાં મનમત, પરમત તથા પરચિંતનનો પ્રવેશ થવા ન દઈએ.

આપણી દિવ્યબુદ્ધિનો ઉપયોગ જીવનના દરેક પાસા ઉપર યથાર્થ નિર્ણય લેવામાં કરીએ. યાદ રાખીએ. કામ અને ક્રોધ દિવ્યબુદ્ધિના મહાન શત્રુ છે. ક્રોધ આવે છે એટલે વિવેક શક્તિ લુપ્ત થઈ જાય છે. એટલે ક્રોધથી બુદ્ધિની સુરક્ષા કરીએ. બુદ્ધિ સ્વચ્છ હશે, ત્યારે જ યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય લેશે. વિચલિત બુદ્ધિ, તનાવગ્રસ્ત બુદ્ધિનો નિર્ણય કષ્ટદાયક થઈ પડશે.

આ દિવ્યબુદ્ધિ જ આત્માનું ત્રીજું નેત્ર છે. જેઓ યોગી છે અથવા જે આત્માઓ યોગના સર્વોચ્ચ શિખર ઉપર પહોંચવા ઈચ્છે છે તેઓ પોતાના આ ત્રીજા નેત્રનો ઉપયોગ નવા નવા યોગ અભ્યાસના દૃશ્યોનું નિર્માણ કરવામાં કરે. આ દિવ્ય બુદ્ધિ નવાં નવાં દૃશ્ય ..... સર્જે છે. દા.ત. ક્યારેક સ્વયંને એક ઊંચી અવસ્થા ઉપર પોતાના સંપૂર્ણ સ્વરૂપમાં બેસીને સર્વને પવિત્ર દૃષ્ટિ આપતા જોઈએ.

તો ક્યારેક સ્વયંને ફરિસ્તા બનાવીને સમગ્ર વિશ્વમાં સુખશાંતિનાં આંદોલનો ફેલાવતા જોઈએ.

ક્યારેક દેવતા બનીને સ્વર્ગમાં વિચરણ કરીએ તો ક્યારેક લાઈટનું શરીર ધારણ કરીને પરમાત્મા સાથે વતનની સફર કરીએ. જેટલાં સુંદર દૃશ્ય તમે સર્જી શકશો, એટલો યોગનો આનંદ પ્રાપ્ત થશે.

(અનુસંધાન પેજ નં. ૦૯ પર)

ડ્રામા, ભાગ્ય અને પુરુષાર્થ

બી.કે. આત્મપ્રકાશ, માઉન્ટ આબુ

નરેન્દ્ર કેટલાક દિવસોથી નિરાશાના ગહન સાગરમાં ડૂબેલો હતો. કોણ જાણે તેનું મન આ દુનિયામાંથી ઊઠી ગયું હતું. ઊંઘ પણ ઊડી ગઈ હતી. એની બેચેની જોઈને મા બાપને ચિંતા થવા લાગી હતી. તેઓ વિચારવા લાગ્યાં કે અચાનક નરેન્દ્રને એવું તો શું થયું જેથી એના ખુશનુમા ચહેરા ઉપર ગમગીનીની છાયા પથરાઈ ગઈ. તેઓ એને કંઈ પૂછવાની હિંમત પણ કરી શકતાં નહોતાં.

આજે નરેન્દ્ર પોતાના ઘરની સામે જે બગીચો છે, એમાં ખુરશી ઉપર બેસીને આકાશની તરફ જોતાં મનોમન વાતો કરી રહ્યો હતો. એની આંખો નિસ્તેજ દેખાતી હતી. એટલામાં એનો પરમ હિતેચ્છુ મિત્ર દેવેન્દ્ર એની નજીક જઈને ધીમા અવાજે પૂછે છે કે નરેન્દ્ર કયા વિચારમાં ખોવાયેલો છે ? ત્યાર પછી પરસ્પર બન્ને વચ્ચે નીચે મુજબ વાર્તાલાપ થયો.

નરેન્દ્ર : (લાંબો શ્વાસ લઈને) ભાઈ, આ બેહદ ડ્રામાને જોઈને મારા મનમાં ઘણા પ્રશ્નો ઊઠી રહ્યા છે. કારણ કે અહીં કોઈ તો અમીર છે અને કોઈ ફકીર છે. કોઈ બહુ ઊંચો છે. તો કોઈ નીચો છે. કોઈને ઘણો પ્રેમ મળે છે તો કોઈને સદા ફિટકાર જ મળે છે. છેવટે આ બેહદ ડ્રામાને કોણે બનાવ્યો હશે ?

દેવેન્દ્ર : નરેન્દ્ર, એને કોઈએ બનાવ્યો નથી. આ તો અનાદિ, અવિનાશી, બનેલો ડ્રામા છે.

નરેન્દ્ર : ભાઈ, એ કઈ રીતે બની શકે. છેવટે કોઈકે તો એને બનાવ્યો હશે ને ?

દેવેન્દ્ર : અનાદિ અર્થાત્ જેનો કોઈ આદિ નથી કે અંત નથી. અવિનાશી અર્થાત્ એનો ક્યારેય વિનાશ થતો નથી.

નરેન્દ્ર : હું તો સમજતો હતો કે એને પરમાત્માએ બનાવ્યો છે ?

દેવેન્દ્ર : પરમાત્માનું ગાયન છે બગડેલી બાજી સુધારનાર. જ્યારે આ ડ્રામા જૂનો થાય છે, તો એને નવું રૂપ આપે છે. પરમાત્મા તો કહે છે કે હું પણ ડ્રામાના બંધનમાં બંધાયેલો છું. જો તેઓ ડ્રામાના રચયિતા હોત, તો પોતાને તેના બંધનમાં શા માટે બાંધત ?

નરેન્દ્ર : ભાઈ, આ સૃષ્ટિરૂપી રંગમંચ પર આત્મા પાર્ટ બજાવવા ક્યાંથી, ક્યારે અને કઈ રીતે આવે છે ?

દેવેન્દ્ર : નરેન્દ્ર, આત્મા અહીં પાર્ટ બજાવવા પરમધામ અર્થાત્ નિરાકારી દુનિયાથી આવે છે. દરેક આત્માનો અહીં આવવાનો પોતાનો સમય નિશ્ચિત હોય છે. જેમ બાળક સૂઈ જાય છે, તો સૂઈ ગયા પછી તે સ્વયં ઊઠે છે. તે રીતે દરેક આત્મા વિશ્રામ મેળવવા માટે પોતાના ઘેર પરમધામમાં જાય છે અને જ્યારે જેને અહીં આવવાનું હોય છે તો એને સ્વતઃ અહીં આવવાનો સંકલ્પ ઊઠે છે અને પોતાના પૂર્વ સંસ્કારના આધારે આ સાકારી દુનિયામાં જન્મ લે છે.

નરેન્દ્ર : ભાઈ, આ ડ્રામાનું એક ચક્ર કેટલા વર્ષમાં પૂરું થાય છે અર્થાત્ કલ્પનું આયુષ્ય કેટલાં વર્ષનું હોય છે ?

દેવેન્દ્ર : આ બેહદ ડ્રામાનું ચક્ર પાંચ હજાર વર્ષમાં પૂરું થાય છે.

નરેન્દ્ર : ભાઈ, એનું કોઈ પ્રત્યક્ષ પ્રમાણ છે. એના વિષે તો હું જુદા જુદા અભિપ્રાયો સાંભળું છું.

દેવેન્દ્ર : જુઓ નરેન્દ્ર, 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્' એક પરમાત્માનું જ ગાયન છે. જે સાક્ષી બનીને આ ડ્રામાને જોઈ રહે છે. અર્થાત્ તેઓ જ તેના વિશે સત્યજ્ઞાન જણાવી શકે છે અને એમણે સ્વયં બ્રહ્મામુખ દ્વારા જણાવ્યું છે કે કલ્પનું આયુષ્ય પાંચ હજાર વર્ષનું છે. અને પાંચ હજાર વર્ષ બાદ એની હૂબહૂ પુનરાવૃત્તિ થાય છે.

નરેન્દ્ર : ભાઈ, જો આ ડ્રામાની હૂબહૂ પુનરાવૃત્તિ થાય છે, તો જેણે કલ્પ પહેલાં જે પાર્ટ બજાવ્યો હતો, તે તેણે હવે બજાવવો પડશે. એનો અર્થ પાર્ટ બદલાશે નહીં, તો પુરુષાર્થ કરવાની શું જરૂર છે.

દેવેન્દ્ર : નરેન્દ્ર, આ પ્રશ્ન કેટલાક લોકો અમને પૂછે છે કે શું દરેક કલ્પમાં અમારે આવું જ દુઃખ ભોગવવું પડશે? જો આપના જ્ઞાનમાર્ગમાં આવ્યા પછી પણ આગલા કલ્પ જેવું જ સહન કરવું પડે, તો જ્ઞાનમાર્ગને અપનાવવાથી શો ફાયદો? તો પછી અમે તો છીએ તે જ ઠીક છીએ.

નરેન્દ્ર : વાત તો બિલકુલ સાચી છે ભાઈ, આ પ્રશ્ન મારા મનમાં પણ કેટલીક વાર ઊઠે છે.

દેવેન્દ્ર : નરેન્દ્ર, પાર્ટ બદલાય છે યા નથી બદલાતો એ ત્યારે જ કહી શકીએ કે જ્યારે આપણને પાછલા કલ્પમાં બજાવેલા પાર્ટની સ્મૃતિ હોય. આપણે તો કાલે શું ભોજન કર્યું તે પણ ભૂલી જઈએ છીએ. તો પાંચ હજાર વર્ષ જૂની વાતો યાદ રહેવી અસંભવ છે. હા, એટલું જરૂર છે કે આ જન્મમાં જો પહેલાં આપ ઘણા દુઃખી હતા, પછી કેટલાંક વર્ષો પછી જીવન સુખી થઈ ગયું, તો આ જીવનમાં આપનો પાર્ટ બદલાઈ ગયો એમ કહીશું.

નરેન્દ્ર : શું આ રીતે આપણો પાર્ટ બદલાઈ શકે છે ?

દેવેન્દ્ર : હા કેમ નહીં, આ દુનિયામાં આપણે જોઈએ છીએ કે આજનો ફકીર કાલે અમીર બની જાય છે યા કોઈ અમીર ફકીર પણ બને છે. ભાગ્ય તો ગમે ત્યારે બદલાઈ શકે. એટલે આપણે સદા પુરુષાર્થ ચાલુ રાખવો જોઈએ.

નરેન્દ્ર : પણ ભાઈ, આપણો પુરુષાર્થ પણ ડ્રામા અનુસાર થશે ને ? ડ્રામામાં હશે તો પુરુષાર્થ સ્વાભાવિક રીતે થશે.

દેવેન્દ્ર : નરેન્દ્ર, માની લો આપનાં મમ્મીએ ભોજનની થાળી તૈયાર કરીને આપની સામે રાખી છે. એ સમયે આપ કહેશો કે ડ્રામામાં હશે તો ભોજન એની મેળે મુખમાં જશે, શું આ શક્ય છે ? ભોજનને મુખ સુધી પહોંચાડવા માટે હાથ ઉઠાવવાનો પુરુષાર્થ તો કરવો પડશે ને ? નહીંતર ભોજન સામે હોવા છતાં આપ ભૂખ્યા જ રહી જશો. એટલે જીવનમાં પુરુષાર્થ જ મુખ્ય છે. પુરુષાર્થ વિના આપણે એક ડગલું પણ આગળ ધપી શકીશું નહીં.

નરેન્દ્ર : દેવેન્દ્રભાઈ એમ કહેવાય છે કે જ્યારે આત્મા પરમધામથી આ સૃષ્ટિરૂપી રંગમંચ પર પાર્ટ બજાવીને આવે છે તો પોતાની સાથે ભાગ્ય લઈને આવે છે. તો ભગવાન કોઈને થોડું કોઈને વધારે ભાગ્ય કેમ આપે છે ?

દેવેન્દ્ર : નરેન્દ્ર, વાસ્તવમાં પરમાત્મા ભાગ્ય બનાવવાનો ઉપાય શિખવાડે છે બાકી થોડું વધારે ભાગ્ય બનાવવું એ આપણા હાથમાં છે શ્રેષ્ઠ ભાગ્ય બનાવવાનો આધાર છે શ્રેષ્ઠ કર્મ. જ્યારે આપણે મનસા, વાચા, કર્મણાથી યા તન, મન, ધનથી કોઈનું ભલું કરીએ છીએ તો પોતાનું ભાગ્ય બનાવીએ છીએ અને ખરાબ કરીએ છીએ તો ભાગ્ય ઘટે છે.

નરેન્દ્ર : પરમાત્મા આ બધું ક્યારે શિખવાડે છે ?

દેવેન્દ્ર : કલિયુગના અંતમાં સંગમયુગ પર પરમાત્મા આવીને આપણને ભાગ્યનું તિલક લગાડે છે. એ તિલકરૂપી તારાની ચમકમાં વૃદ્ધિ

કરવી એ આપણું કાર્ય છે. જેવી રીતે શિક્ષક સર્વ વિદ્યાર્થીઓને સરખું ભણાવે છે, પરંતુ વિદ્યાર્થી તેના પુરુષાર્થ અનુસાર પરીક્ષામાં નંબર મેળવે છે.

નરેન્દ્ર : ભાઈ, તેઓ તો પોતપોતાની બુદ્ધિ અનુસાર પુરુષાર્થ કરે છે પરંતુ બુદ્ધિ સર્વને સમાન કેમ મળતી નથી, એમાં પક્ષપાત કેમ થાય છે ?

દેવેન્દ્ર : જુઓ નરેન્દ્ર, આ પરમશિક્ષક પરમાત્મા ક્યારેય ભેદભાવ રાખતા નથી. બાકી પોતાની બુદ્ધિનો વિકાસ કરવો અર્થાત્ દિવ્ય બનાવવી તે તો આપણા જ હાથમાં છે. આ બુદ્ધિબળના આધારથી આપણે પોતાના ભાગ્યમાં વૃદ્ધિ કરી શકીએ છીએ.

નરેન્દ્ર : આપની વાત તો બરાબર છે પરંતુ આપણે જોઈએ છીએ કે કોઈને તો થોડો પુરુષાર્થ કરવાથી ઘણી વધારે સફળતા મળે છે તો કોઈને બહુ મહેનત કરવા છતાં પણ મુશ્કેલીથી થોડી સફળતા મળે છે, આમ કેમ ?

દેવેન્દ્ર : કોઈને પોતાનાં પાછલા જન્મોનાં સારાં કર્મોની અર્થાત્ પુણ્ય કર્મોના ખાતાની મદદથી થોડા પુરુષાર્થથી જ ઘણી સારી સફળતા મળે છે તો કોઈને પાછલા જન્મોના પાપકર્મોના બોજથી વધારે મહેનત કરવા છતાં પણ સફળતા ઓછી મળે છે. આપણાં જ પાછલા જન્મોનાં સારાં યા ખોટાં કર્મ આપણા મિત્ર યા શત્રુ બને છે. છતાં પણ વિશેષ સંગમયુગ પર પરમાત્મ સહયોગથી પોતાના ભાગ્યને ઘણું સારું બનાવી શકીએ છીએ. આ લોટરી અન્ય યુગોમાં મળતી નથી. બીજા યુગોમાં તો થોડું દાન પુણ્ય કરીને મળેલા ભાગ્યને થોડું વધારી કે ઘટાડી શકીએ છીએ.

નરેન્દ્ર : ભાઈ, ભાગ્યને ઊંચું બનાવવા માટે આપણે કેવો પુરુષાર્થ કરીએ ?

દેવેન્દ્ર : આપણે આપણી વિચારધારાને બદલીએ જેમ કે સાધારણ પુરુષાર્થી વિચારે છે કે કલ્પ પહેલાં જેવો પુરુષાર્થ કર્યો હશે તેવો જ આપણે અત્યારે કરીશું. પરંતુ સારો પુરુષાર્થી વિચારશે કે જેવો પુરુષાર્થ હું અત્યારે કરીશ તેવો જ પુરુષાર્થ દરેક કલ્પમાં થશે એટલે મારે સારામાં સારો પુરુષાર્થ કરવો છે.

બીજી વાત, શ્રેષ્ઠ ભાગ્ય બનાવવા માટે શ્રેષ્ઠ કર્મ કરવાં આવશ્યક છે. એ માટે આપણે સદા સ્વમાનમાં સ્થિત રહેવાનો પુરુષાર્થ કરતા રહીએ. જેનાથી સદા મનમાં શ્રેષ્ઠ કર્મ કરવા માટે શ્રેષ્ઠ તથા શક્તિશાળી સંકલ્પ ઉત્પન્ન થતા રહેશે. આપણું મન સદા ખુશ અને ઉમંગથી ભરપૂર હોય. અત્યારે ભાગ્ય બનાવવાની સીઝન ચાલી રહી છે, એટલે મહેનત કરવાનું છોડશો નહીં અને આળસને કદી અપનાવશો નહીં.

નરેન્દ્ર : ભાઈ, એ સિવાય બીજી પણ કોઈ વાત છે જેના ઉપર આપણે ધ્યાન આપીએ.

દેવેન્દ્ર : સમયના ખજાનાને સફળ કરવાનું શીખીએ. કારણ કે સર્વ ખજાના પરમાત્મા પાસેથી પ્રાપ્ત કરવાનો આધાર છે આ અમૂલ્ય સમયનો ખજાનો. એક એક પળ પણ વ્યર્થ વીતાવવાથી આપણો નંબર પાછળ જઈ શકે છે. જે પળ આપણી પ્રાપ્તિ વિહિન બને છે તેનાથી આપણે કલ્પ કલ્પ વંચિત રહીએ છીએ. સમયની આપણે કદર કરીશું તો સમય પર આપણી કદર થશે. નહીંતર આપણે ઠોકરો ખાવી પડશે. આ સમય ખજાનો જમા કરવા માટે છે. આપણે નિરંતર પરમાત્મા સાથે Connection રાખીને વધારેમાં વધારે ખજાનાનું Collection કરવાનું છે. એ ખજાનાઓ દ્વારા અનેક આત્માઓની સેવા કરીશું ત્યારે જ વિજયી રત્નોની માળામાં Selection થશે.

નરેન્દ્ર : ભાઈ, હું અવશ્ય સમયનો પૂરો લાભ લેવાનો પુરુષાર્થ કરીશ. અત્યારે પુરુષાર્થને આગળ ધપાવવા માટે ઉપયોગી વાત જણાવો.

દેવેન્દ્ર : નરેન્દ્ર, પુરુષાર્થમાં સંગદોષ પણ વિઘ્નરૂપ બની શકે છે. કોઈ વ્યક્તિના સંગથી આપણા પુરુષાર્થની ગતિ ધીમી થઈ શકે છે. કારણ કે અહીંતહીંની વાતોમાં આપણે વ્યર્થ સમય અને શક્તિ વેડફીએ છીએ જેનાથી આપણને કલ્પ કલ્પ માટે ઘણું મોટું નુકસાન થાય છે. વાસ્તવમાં સમયની તેજગતિ અનુસાર આપણો પુરુષાર્થ સાધારણ હોવાને બદલે સૂક્ષ્મ હોવો જોઈએ. જે અનેકોને પ્રેરણા આપવાની ગુપ્ત સેવા કરે.

નરેન્દ્ર : ભાઈ, શું કોઈ આ ડ્રામાના આવાગમનથી મુક્ત થઈ શકે ?

દેવેન્દ્ર : ના, તેનાથી કોઈ પણ મુક્ત બની શકે નહીં. કારણ કે આત્મામાં ૮૪ જન્મોનો પાર્ટ નોંધાયેલો છે. આત્મા અનાદિ અને અવિનાશી હોવાને કારણે એમાં ભરેલો પાર્ટ પણ અવિનાશી છે. એટલે દરેક આત્માને અહીં પાર્ટ બજાવવો જ પડે છે. મોક્ષ કોઈને પણ મળી શકતો નથી.

નરેન્દ્ર : ભાઈ, આ તો ખરેખર આશ્ચર્યની વાત છે. પરંતુ આત્મામાં નોંધાયેલો પાર્ટ શું ક્યારેય બદલાતો નથી ?

દેવેન્દ્ર : આત્મામાં કેવો પાર્ટ નોંધાયેલો છે, તે તો જાની જાનનહાર પરમાત્મા જ જાણે છે. આપણને આપણા ભવિષ્ય વિશે કંઈ જ ખબર નથી. આપણે ઈચ્છીએ તો આપણા વર્તમાન સમયના પુરુષાર્થથી ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકીએ છીએ. સારામાં સારો પાર્ટ આત્મામાં નોંધાવી શકીએ છીએ. જેથી આગલા કલ્પમાં આપણને તથા બીજાઓને પણ આપણો પાર્ટ સારો લાગે.

નરેન્દ્ર : ભાઈ, શ્રેષ્ઠ પાર્ટ બજાવવા માટે કેવો પુરુષાર્થ કરીએ ?

દેવેન્દ્ર : શ્રેષ્ઠ પાર્ટ બજાવવાની કલા છે પોતાના દરેક કર્મ પર ધ્યાન આપવું. જેવી રીતે હદના ડ્રામામાં જે હીરો પાર્ટધારી હોય છે તે નાટક નિર્દેશકના દરેક આદેશ અનુસાર પોતાનો પાર્ટ બહુ ધ્યાનથી બજાવે છે. એટલે સર્વ એના પાર્ટની પ્રશંસા કરે છે. તે કદી પણ કોઈના પાર્ટને જોતો નથી. સર્વ એના પાર્ટને જુએ છે. કારણ કે જેટલો સમય આપણે બીજાઓ પર ધ્યાન આપીએ છીએ એટલા ટકા ધ્યાન આપણા ઉપર ઓછું થાય છે. જેનાથી આપણે સાધારણ પાર્ટધારી બનીએ છીએ. પાર્ટ બજાવતી વખતે એકદમ હલકા બનીને પાર્ટ બજાવીએ, મન ઉપર કોઈ પણ પ્રકારનો બોજ ન રાખીએ.

નરેન્દ્ર : ભાઈ, ક્યારેક કોઈનો ઊંચો પાર્ટ જોઈને મનમાં ઈર્ષ્યા યા દ્વેષ ઉત્પન્ન થાય છે ત્યારે શું કરીએ ?

દેવેન્દ્ર : નરેન્દ્ર, કોઈને ઊંચો પાર્ટ મળવાનું કારણ છે એનાં પાછલાં જન્મોના શ્રેષ્ઠ કર્મોની મૂડી. એ વ્યક્તિને જોઈને આપણને ઈર્ષ્યા થાય તો આપણે એનું તો કંઈ બગાડી શકતા નથી. પરંતુ એના પ્રત્યે વિકલ્પ ચલાવવાથી પોતાની સ્થિતિને બગાડીએ છીએ. એ સમયે વિચારીએ કે તે વ્યક્તિ પોતાના જ પરિવારનો સભ્ય છે, પરિવારની શોભા છે. તેથી તેનામાંથી પ્રેરણા લઈને પોતાની સ્થિતિની કક્ષા ઊંચી રાખવી જોઈએ. મહાન વ્યક્તિ સદા સર્વને મહાનતાની દૃષ્ટિથી જુએ છે, જેનાથી તે અચલ, અડોલ રહે છે.

નરેન્દ્ર : ભાઈ આ ડ્રામામાં કદી દુર્ઘટનાનું દૃશ્ય યા દુ:ખદાયી દૃશ્ય સામે આવે છે, તો મન કંપી ઉઠે છે એ સમયે શું કરીએ ?

દેવેન્દ્ર : આ ડ્રામાનું વિધાન છે. Every action has equal and opposite reaction. જે પણ દુ:ખદાયી દૃશ્ય આપણી સામે આવે છે તે પોતાના જ પાછલા જન્મોમાં કરેલાં વિકર્મોનું ફળ હોય છે. તે કોઈ ને કોઈ પ્રકારે ભોગવવાથી

વિકર્મોનો બોજો હળવો થાય છે. આવી પરિસ્થિતિને જોઈને દુઃખી થવાને બદલે સાક્ષીભાવની સ્થિતિમાં સ્થિત થઈને નિર્ભયતાથી તેને જોઈએ. કારણ કે અકલ્યાણના પડદા પાછળ સદા કલ્યાણ છુપાયેલું હોય છે. એ માટે પ્રયત્નશીલ બનીને આપણે ધીરજથી રાહ જોઈએ.

નરેન્દ્ર : ભાઈ, કોઈ પોતાના પાર્ટથી અસંતુષ્ટ બનીને આત્મહત્યા કરે છે, તો તેનું શું પરિણામ આવે છે ?

દેવેન્દ્ર : વાસ્તવમાં જ્યારે કોઈ દુઃખના સાગરમાં ગોથાં ખાય છે અને એના શિર ઉપર પાછલાં જન્મોના પાપકર્મોનો અસહ્ય બોજ હોય છે, તો તે નિરાશા અને હીનભાવનાનો ભોગ બને છે. આવી પરિસ્થિતિમાં પોતાના પાર્ટના મહત્ત્વને અને ડ્રામાના મુખ્ય રહસ્યને ન સમજવાને કારણે તે આત્મહત્યા કરે છે. તે સમજે છે દુઃખના ચક્રમાંથી મુક્ત થવાનો આ ઉપાય છે પરંતુ તે તેનાથી પણ વધારે મહાદુઃખના કુચક્રમાં ફસાઈ જાય છે. પોતાના પાર્ટને નિશ્ચિત સમયના પહેલાં સમાપ્ત કરીને ડ્રામાના અટલ નિયમનું ઉલ્લંઘન કરે છે. આવો આત્મા શરીર વિના ભટકે છે. જેનાથી એને પહેલા કરતાં પણ વધારે પીડા ભોગવવી પડે છે. એનાથી બચવા માટે પરમાત્માએ આપણને ડ્રામાની ઢાલ આપી છે.

નરેન્દ્ર : ભાઈ, આ ડ્રામાની ઢાલનો વાસ્તવિક અર્થ શો છે ?

દેવેન્દ્ર : જેમ યુદ્ધ કરતી વખતે આપણે ઢાલથી દુશ્મનના પ્રહારથી રક્ષણ મેળવીએ છીએ. એવી રીતે વર્તમાન સમયે માયા સાથે આપણું યુદ્ધ છે. જેમાં માયા વ્યક્તિ દ્વારા યા પ્રકૃતિ દ્વારા યા વિભિન્ન સમસ્યાઓ દ્વારા આત્મા પર સૂક્ષ્મ પ્રહાર કરે છે. પરમાત્મા કહે છે. મીઠાં બાળકો, 'જે પાંચ હજાર વર્ષ પહેલાં થયું હતું, તે જ અત્યારે થઈ રહ્યું છે અને ડ્રામા અનુસાર દરેક કલ્પે થતું રહેશે. આ સ્મૃતિથી Nothing New નો પાઠ પાકો કરો.' આ ડ્રામાની ઢાલ છે. કારણ કે આપણને કોઈ વાતનું આશ્ચર્ય ત્યારે થાય છે જ્યારે તે એકદમ નવી લાગે છે. જ્યારે કોઈ નુકસાનની વાત હોય છે તો ડ્રામાનો Full Stop લગાવવાથી વ્યર્થ સંકલ્પોને Full Stop લાગી જાય છે અને ફાયદાની વાત હોવાથી ખુશી થશે. જેમ કે આપણે પરસ્પર જે વાર્તાલાપ કરી રહ્યા છીએ તે પહેલીવાર કરી રહ્યા નથી પરંતુ કેટલીયે વાર કરી ચૂક્યા છીએ અને દરેક કલ્પ કરતા રહીશું.

નરેન્દ્ર : (ખુશીથી) ભાઈ, ખરેખર આપની આ ગુહ્ય વાતો સાંભળીને મને બહુ આનંદ થયો છે. મારા મનમાં જે લાંબા સમયથી જટિલ પ્રશ્નોની હલચલ થઈ રહી હતી તેનો મને ઉકેલ મળી ગયો છે જેનાથી હું એકદમ હળવાશનો અનુભવ કરી રહ્યો છું મારી ઉન્નતિ માટે હવે આપનો કોઈ આદેશ હોય તો સંભળાવો.

દેવેન્દ્ર : નરેન્દ્ર, આદેશ તો એ છે કે હવે સ્વદેશ (પરમધામ) પાછા જવાનું છે. એટલે ભરેલા હાથે પાછા જવા માટે નવા ઉમંગ સાથે ભાગ્યવિધાતા પરમાત્મા પાસેથી પોતાનો પૂરો ભાગ્યનો વારસો લેવા માટે ડ્રામા પૂરો થતાં પહેલાં સંપૂર્ણ શક્તિઓનું જોર કરીને પુરુષાર્થ કરો. આ તક કલ્પમાં માત્ર એક જ વાર મળે છે. જો પુરુષાર્થમાં થોડી પણ ઊણપ રહી જશે તો અંતમાં પશ્ચાતાપ સિવાય કંઈ પણ હાથમાં આવશે નહીં. પોતાના તથા બીજાઓના ભાગ્યના સિતારાઓની ચમક અનેક ઘણી વધારો. હીરો પાર્ટધારી બનીને સાચા હીરાની જેમ આ વિશ્વમાં ચમકો. જેનાથી સૌ આપના ઉપર પ્રશંસાનાં પુષ્પોની વર્ષા કરે. જે કલ્પ કલ્પાન્તર માટે અવિનાશી યાદગાર બની જાય.

॥ ઓમશાંતિ ॥

સદા ખુશ રહો - હસતા રહો

બ્ર.કુ. અનિલ, સુરત

હાસ્ય એટલે આપના ચહેરાનું દર્પણ જે થકી જોઈ શકાય છે કે આપનું મન-હૃદય પ્રસન્ન છે. નાનું બાળક દિવસમાં ૮૦ વખત હસે છે, પરંતુ જેમ જેમ બાળક મોટું થતું જાય છે, એની ઉંમર વધતી જાય છે, ત્યારે એને 'લાફિંગ ક્લબ'ના સભ્ય બનવું પડે છે. કારણ કે ધીરે ધીરે હાસ્યએ એના જીવનમાંથી વિદાય લેવા માંડી અને ચિંતા, ડિપ્રેશન અને અશાંતિએ તેનું સ્થાન લઈ લીધું. કોઈ કડવું વેણ કહે ત્યારે, અપેક્ષિત વસ્તુ ન મળે ત્યારે, ભવિષ્ય માટેની ચિંતા થાય ત્યારે, અતિશય કામની તાણને કારણે, વીતી ગયેલી વાતોને યાદ કરવાને કારણે અને કોઈના પ્રત્યે મનમાં દુર્વિચાર આવે ત્યારે ધીરે ધીરે ખુશી લુપ્ત થતી જાય છે.

અનુભવીઓએ કહ્યું છે કે દરેક વ્યક્તિએ એક ગણું ખાવું, બમણું પીવું, ત્રણ ગણી કસરત કરવી, ચાર ગણું હસવું અને પાંચ ગણું પ્રભુ ચિંતન કરવું જોઈએ. આ જીવ જગતમાં મનુષ્યને ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જન માનવામાં આવે છે. મનુષ્ય જ એક એવું પરમ સૌભાગ્યશાળી પ્રાણી છે કે જેને પરમાત્માએ વરદાનરૂપે ખુશી આપી છે. જેના આધારે એને પ્રાણી જગતમાં ઉંચુ સ્થાન મળ્યું છે. હાસ્ય એવું વરદાન છે, જેને પરિણામે મનુષ્યના તથા તેના સંપર્કમાં આવનારા સૌ વ્યક્તિઓના જીવનની કડવાશ લુપ્ત થઈ જાય છે. હાસ્યથી ખીલી ઉઠેલ જે ચહેરો અને પ્રસન્નતાથી ચમકતી આંખો જોઈને કોણ પ્રભાવિત થયા વિના નહીં રહી શકે ?

'એક મુસ્કાન હજારો કુરબાન' વાળી કહેવત નિરર્થક નથી. પરંતુ એની પાછળ મનોવિજ્ઞાનનું ઊંડુ ચિંતન રહેલું છે. જો હું કહું કે તમે હસો તો તમે હસી શકો છો. પરંતુ એમ કહું કે ગુસ્સો કરો તો ગુસ્સો નહીં કરી શકો ગુસ્સો કેમ ન કરી શકાય કારણ કે ગુસ્સો કરવા માટેનું કોઈ કારણ હતુ નહીં.

યાદ રહે.... હાસ્ય મનમેળાપની જનેતા છે. સંબંધો વધારવાની કડી છે. આશાવાદીતાનું બીજુ રૂપ તે હાસ્ય. નિરાશાવાદી વ્યક્તિને હસતા આવડતું નથી. હાસ્ય એટલે શુભ ભાવનાઓ અને શુભ કામનાઓનો ભંડાર, દિવ્ય હાસ્ય : દેવતાઓનું દિવ્ય આભૂષણ છે.

જો તમે રમતા રમતા હારી જાઓ છતાં પણ હસી શકતા હો તો એમ કહી શકાય કે તમે જિંદગીની રમતમાં જીતી ગયા છો. એક કવિએ સાચું જ કહ્યું છે કે **ફૂલ બનકર મુસ્કુરાના જીંદગી હૈ, મુસ્કુરાકર ગમ ભુલાના જીંદગી હૈ, જીતકર મુસ્કુરાઓ તો ક્યા બાત હૈ, હારકર ભી મુસ્કુરાના જીંદગી હૈ** આપણું હાસ્ય નિઃસ્વાર્થ ભાવવાળું નિર્દોષ હોવું જોઈએ જે થકી આપણું તન અને મન પણ સ્વસ્થ રહે. ખોટું સ્મિત નહીં પરંતુ નિઃસંકોચ ખુલ્લા મને હસવું જોઈએ જેમાં સ્નેહ અને શુભભાવ સમાયેલો હોય. શ્રીરામ, શ્રીકૃષ્ણ, ગૌતમ, મહાવીર, ગાંધીજી વગેરે મહાપુરુષોની તસ્વીર જોઈ લ્યો. શું કોઈના ચહેરા પર લાચારી કે દુઃખની રેખા પણ દેખાય છે ખરી. ઉલટું એમના હસતા ચહેરા આશીર્વાદની વર્ષા વરસાવતા નજરે પડે છે.

આપણું હાસ્ય સૌને માટે પ્રેરણાદાયી હોવું જોઈએ. સૌને ઉમંગ ઉત્સાહ પ્રેરે એવું હોવું જોઈએ. સૌને આનંદ પ્રદાન કરનારું હોવું જોઈએ. સંબંધોમાં સહાનુભૂતિ ઉત્પન્ન કરનારું હોવું

(અનુસંધાન પેજ નં. ૨૭ પર)

સાંસ્કૃતિક ઉત્થાન દ્વારા સ્વર્ણિમ યુગ નિર્માણ

બ્ર.કુ. સતીશ, માઉન્ટ આબુ

સમયની રેતી પર અંકાયેલી વિશ્વની તમામ સભ્યતાઓ અને સંસ્કૃતિઓ ભૂંસાઈ ગઈ છે. જે પૈકી કેટલીક તો પોતાનું અલગ અસ્તિત્વ ઊભું કરવાના પ્રયાસમાં લુપ્તપ્રાયઃ થઈ ગઈ છે. જ્યારે ભારતની વૈદિક સંસ્કૃતિ તેની આધ્યાત્મિકતા, ઉદારતા, સહિષ્ણુતા અને સમરસતાના બળ પર પોતાની ગૌરવવંતી પતાકા, અનેક ઝંઝાવાતોની વચ્ચે, આજ પર્યંત લહરાવી રહી છે. એને નેસ્તનાબુદ કરવા માટે આજ સુધીમાં અનેક આંતરિક અને બાહ્ય આક્રમણકારોએ તેમ જ દુનિયાની વિકૃત સંસ્કૃતિઓએ પ્રહારો ઉપર પ્રહારો કર્યા, પરંતુ ભારતીય ગૌરવશાળી સંસ્કૃતિ માત્ર અક્ષુણ જ નહીં, બલ્કે સમસ્ત વિશ્વ માટે માર્ગદર્શક અને પ્રેરક પણ રહી છે. એથી તો કવિ ઈકબાલને પણ કહેવું પડ્યું છે :

યૂનાનો મિસ્ત્ર રોમાં સબ મિટ ગયે જહાં સે,
અબ તક મગર હૈ બાકી નામોનિશાં હમારા !
કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી
સદિયોં રહા હૈ દુશ્મન દૌરે જહાં હમારા !

ભારતીય જીવન-દર્શનમાં સંસ્કારોની મહત્તાનું વ્યાપક વર્ણન જોવા મળે છે. જન્મથી માંડીને મૃત્યુપર્યંત એમાં સંસ્કારો અંગેનાં વિધાનો બતાવેલાં છે. પરંતુ આજના પરિપ્રેક્ષ્યમાં ઉક્ત સંસ્કારો નીતિ-વર્ણની સીમાઓમાં બંધાઈને કર્મકાંડના રૂપમાં ફેરવાઈ જવાથી નિષ્પ્રાણ બની ગયા છે. ભારતીય સંસ્કૃતિ મૂલતઃ સંસ્કારોની સંસ્કૃતિ છે. સંસ્કાર આત્મામાં નિહિત જન્મજન્માન્તરની એ પ્રવૃત્તિઓ કે આદતો છે, જે વિચાર, કર્મ તેમ જ જીવનથી અભિપ્રેરિત અને ઉત્પ્રેરિત હોય છે. આત્માની મૌલિક વિશેષતા સદ્‌ગુણ હોવાથી સંસ્કારોને સુકાર્ય તેમ જ સંસ્કૃતિને સુકૃતિના રૂપમાં જોવામાં આવે છે.

સંસ્કૃતિને આજે 'કલ્ચર' કહેવામાં આવે છે. કોઈ પણ જાતિની નીતિ-રીતિને સંસ્કૃતિ માનવામાં આવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સંસ્કૃતિને તેના વ્યાપક રૂપમાં જોવાને બદલે અત્યંત સંકુચિત રૂપે જોવામાં આવે છે.... એ જોતાં સ્પષ્ટ થાય છે કે સંસ્કૃતિ અને સાંસ્કૃતિક શબ્દોનું આજે અવમૂલ્યન થયું છે. ભારતના અનેક વિદ્વાનોએ પોતાની દૃષ્ટિએ સંસ્કૃતિ પર પ્રકાશ પાડ્યો છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે : 'પોતાને અન્યથી અલગ રાખવાનો પ્રયાસ કરનાર કોઈ પણ સંસ્કૃતિ જીવિત રહી શકે નહીં. કોઈ પણ મહાન સંસ્કૃતિ માણસને ભય પમાડતી નથી પણ તેને સાથે રાખીને પવિત્રતા પ્રદાન કરે છે.' સ્વામી વિવેકાનંદે સંસ્કૃતિને આધ્યાત્મિકતાની આધારશિલા પર સ્થિત બતાવી છે. એ તરફ અંગુલિનિર્દેશ કરતાં પંડિત માલવીયજીએ કહ્યું છે: 'ભારતીય સભ્યતા અને સંસ્કૃતિની વિશાળતા તેમ જ તેની મહાનતા તો સમસ્ત માનવજાતિ સાથે તાદાત્મ્ય સાધવામાં અર્થાત્ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની પવિત્ર ભાવનામાં નિહિત છે.'

હકીકતમાં, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ એટલી મહાન છે કે 'સંસ્કૃતિ' શબ્દની પરિભાષા એના આધારે પરિભાષિત કરવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો સત્યતા, પવિત્રતા, દયા, પ્રેમ, કરુણા, ક્ષમા, ઉદારતા, સદ્‌ભાવના, સન્માન જેવા શાશ્વત ગુણો જ સાંસ્કૃતિક મૂલ્યો કહેવાય છે.

પરંતુ આપણા માટે કમનસીબીની વાત એ છે કે જે સંસ્કૃતિ હજારો વર્ષોથી માનવમાત્રને પથ-

પ્રદર્શન કરતી આવી છે તે ભારતીય સંસ્કૃતિ આજે પશ્ચિમની વિકૃત સંસ્કૃતિઓનું અંધ અનુકરણ કરવા લાગી છે ? ભારતની મહાન વૈદિક સંસ્કૃતિ કે જે વિદેશી આક્રમણકારોના ભીષણ પ્રહારો વચ્ચે પણ સદૈવ અપરાજિત રહી છે, તે આજે આંતરિક વિકૃતિઓનો શિકાર બની ગઈ છે. અધ્યાત્મપ્રધાન મૂલ્યનિષ્ઠ એવી આ સંસ્કૃતિ આજે ભૌતિકવાદના રાક્ષસી પંજા નીચે સપડાઈ ગઈ છે. ત્યાગ અને સંયમ વિદાય લઈ રહ્યા છે, સહિષ્ણુતા કાયરતામાં બદલી ગઈ છે, ઉદાર સંસ્કૃતિ ઉધાર સંસ્કૃતિ બની ગઈ છે અને બંધુત્વભાવ બંદૂકભાવનો વેષ લઈ રહ્યો છે ! આજે આપણી પાસે આપણી પ્રાચીન સંસ્કૃતિનો ઢોલ પીટવા સિવાય કંઈ શેષ રહ્યું નથી ? ભારતની ભદ્ર સંસ્કૃતિની આવી ઘોર દશા માટે પ્રત્યેક ભારતવાસી, થોડા - ઝાઝા પ્રમાણમાં, પોતે જ જવાબદાર છે. આ ઝેરનો ઘૂંટડો આપણે ભલે ગળે ન ઉતારી શકીએ, પરંતુ વાસ્તવિકતા તો એ જ છે.

અન્ય તમામ પ્રદૂષણોની સામે સાંસ્કૃતિક પ્રદૂષણ વિશેષ ઘાતક પુરવાર થયું છે. અન્ય પ્રદૂષણોને રોકવાના ઉપાય સહજતાથી મળી શકે છે. પરંતુ બ્લડ કેન્સરની જેમ સામાજિક વ્યવસ્થામાં ફેલાયેલ સાંસ્કૃતિક પ્રદૂષણને અટકાવવું અત્યંત કઠિન થઈ પડે છે. આ બિમારીથી બચવા માટે સામાજિક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન કરવું પડે, બાકી તો એને કોઈ ચમત્કાર જ બચાવી શકે.

દિવસે દિવસે વધતો જતો નાસ્તિકવાદ, ધર્મો પ્રત્યે ઉદાસીનતા અથવા કટ્ટરવાદિતા, સાંપ્રદાયિક ઝગડા, અંગ પ્રદર્શન કરતી સ્ત્રીઓની કઢંગી વેશભૂષા, યુવાનોની ભોગવાદ તરફની આંધળી દોટ, આધુનિકતાનું આકર્ષણ જમાવીને તેમાં ફસાવી દેતી પાશ્ચાત્ય સંસ્કૃતિની સોનેરી જાળ, સેટેલાઈટ ચેનલો દ્વારા થતો દુરુપયોગ, ભોગવાદ પ્રત્યે વધુને વધુ આસક્ત કરતી ફિલ્મો, ભ્રષ્ટાચારના કીચડમાં ખદબદતો સમાજ, અનીતિની આગમાં લપેટાયેલી રાજનીતિ, યુદ્ધના ઉન્માદમાં અટવાયેલાં રાષ્ટ્રો, પ્રાકૃતિક પ્રકોપોનો સિલસિલો તથા વિજ્ઞાનની વિનાશકારી પ્રવૃત્તિથી ખતરામાં પડેલું અસ્તિત્વ સાંસ્કૃતિક પ્રદૂષણની ભયાનક તસ્વીર ખડી કરતાં રહ્યાં છે.

સાંસ્કૃતિક પ્રદૂષણની આ તસ્વીરને બદલવા માટે શું કરવું જોઈએ એવો પ્રશ્ન સહજ રીતે જ કોઈ પણ ને થાય. એનો જવાબ આપવો હોય તો એ આપી શકાય કે સાંસ્કૃતિક પ્રદૂષણને હટાવીને સુસંસ્કારી સમાજ ઊભો કરવા માટેનો એક જ ઉપાય છે અને તે છે ચારિત્રિક શ્રેષ્ઠતા. ચારિત્રિક શ્રેષ્ઠતા જ મનુષ્યની મહાનતાનો માપદંડ છે. એથી જ ચરિત્રને મનુષ્યની શ્રેષ્ઠતમ પૂંજી માનવામાં આવે છે. માણસનું મૂલ્યાંકન જ તેના ચરિત્રના આધારે થતું હોય છે. સુવર્ણ ભારતનો ઈતિહાસ ઉજ્જવલ ચરિત્રની પૃષ્ઠ ભૂમિમાં લખાયો છે. આખેઆખું રામાયણ વિશુદ્ધ ચરિત્રોના પાયા ઉપર ઊભું છે. ભારતીય જનમાનસમાં જે રીતે સત્યમ્-શિવમ્-સુંદરમ્‌ની અવધારણા છે તથા મંદિરોમાં વિરાજિત દેવી-દેવતાઓની પ્રતિમાઓ જે પવિત્રતા અને દિવ્યતાનાં દર્શન કરાવે છે તે ભારતીય ચારિત્રિક સંપદાની મૂક અભિવ્યક્તિ જ છે.

આપણા માટે અફસોસની વાત છે કે પ્રાચીન ભારતનો ગૌરવવંતો સુવર્ણ ઈતિહાસ, જે 'દેવ સંસ્કૃતિ'ના નામથી ઓળખાતો હતો, તે તત્કાલીન ઈતિહાસકારો, અન્વેષકો અને પુરાતત્ત્વવેતાઓની સંશોધન દૃષ્ટિથી ઓઝલ રહી ગયો છે !

એમ કહેવાય છે કે જે દેશના ભવ્ય, દિવ્ય અને ગૌરવવંતા ઈતિહાસનું જતન કરવા પ્રત્યે ઉદાસીનતા સેવાય છે તે દેશનું બહુ જલદીથી સાંસ્કૃતિક અવમૂલ્યન થાય છે. પ્રવર્તમાન યુગમાં,

આ જવાબદારી, ખાસ કરીને, સૂચના ક્ષેત્રના બન્ને માધ્યમો ઈલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયાની છે. આ ઉભય માધ્યમો જો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉત્થાન પ્રત્યે સક્રિય બને તો સંપૂર્ણ વિશ્વની કાયાપલટ થતાં વાર ન લાગે. પરંતુ ખેદ સાથે કહેવું પડે છે કે આ બન્ને માધ્યમો મિશન બનવાને બદલે વ્યવસાયના રૂપે ઊભરી રહ્યાં છે ! સમાજની કમજોર માનસિકતાનો લાભ ઉઠાવીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાની તેની વૃત્તિ સાંસ્કૃતિક અવમૂલ્યનમાં નિમિત બની રહી છે. મીડિયાને સાંસ્કૃતિક મૂલ્યોની પુનર્સ્થાપના, સામાજિક પુનર્નિર્માણ અને માનવજાતિનું કલ્યાણ કરવા પ્રત્યેની જો લેશમાત્ર પણ પરવા હોય તો તેણે હવે પ્રભાવી કદમ ઉઠાવવું પડશે. મીડિયામાં એ શક્તિ છે કે તે ધારે તો સમૂળી ક્રાંતિ સરજી શકે. આઝાદી કાળ દરમિયાન આપણા પ્રિન્ટ મીડિયાએ સક્રિય બનીને બ્રિટીશ સલ્તનતના પાયા હચમચાવી નાખ્યા હતા. 'પ્રદીપ', 'સ્વરાજ્ય', 'આજ', 'સેનાપતિ', 'ભારતમિત્ર', 'અર્જુન', 'હરિજન', 'નવજીવન', 'યંગ ઇન્ડિયા', 'વંદેમાતરમ્' જેવાં અનેક મુખપત્રોએ અંગ્રેજોની ગુલામી વિરૂદ્ધના ઉગ્ર લેખો લખીને લોકોને જાગૃત કર્યા હતા. મદનમોહન માલવીય, બાલમુકુન્દ ગુપ્તા, બાલગંગાધર તિલક, મહાત્મા ગાંધી, ભારતેન્દુ હરિચંદ્ર, રાજા રામમોહનરાય, ગણેશ શંકર વિદ્યાર્થી, ઝવેરચંદ મેઘાણી જેવા અનેક ધુરંધર પત્રકારોએ અંગ્રેજોની ગુલામીથી મુક્ત કરીને ભારતને પોતાનું ગૌરવ પાછું અપાવવામાં બહુ મોટી જહેમત ઉઠાવી હતી એ હકીકત મીડિયાએ કદી પણ ભૂલવી જોઈએ નહીં. આજે સમય ફરી ભારતનું સાંસ્કૃતિક ઉત્થાન કરવાની માગણી કરી રહ્યો છે, ત્યારે મીડિયાએ એ દિશામાં કદમ ઉઠાવવા માટે આગળ આવવું જોઈએ.

યુવાશક્તિ વિના સાંસ્કૃતિક પુનરુત્થાન અશક્ય છે. આજે ઠેર ઠેર નારો સંભળાતો જોવા મળે છે કે 'યુવાન જ્યારે જાગે છે, દુનિયાને બદલાવે છે' કેટલી યથાર્થતા છે આ નારામાં ! જ્યારે જ્યારે સંસ્કૃતિ પતનમાંથી ઉપર ઊઠી છે, ત્યારે ત્યારે તે યુવાશક્તિ દ્વારા જ ઊઠી છે. ચૈતન્યસભર ઉત્સાહથી છલકતા યુવાનોની શક્તિ વિના સુવર્ણયુગનું નિર્માણ અશક્ય જ નહીં, અસંભવ પણ છે. એક સમય એવો હતો, જ્યારે યુવાનોના આદર્શો, સિદ્ધાંતો, વિચારો અને વ્યવહારો ભારતીય સંસ્કૃતિના રંગે પૂરેપૂરા રંગાયેલા હતા. પરંતુ આજે ભોગવાદી પાશ્ચાત્ય સંસ્કૃતિની માયાજાળમાં ફસાઈને યુવાવર્ગ ભ્રમિત અને દિશાહીન બની ગયો છે. આ માયાજાળમાંથી બહાર કાઢીને એને સાચી દિશા બતાવવાનું કામ મીડિયાનું છે. ઘણે અંશે આ પવિત્ર ફરજ સાધુ-સંતો અને આધ્યાત્મિક સંગઠનો બજાવી રહ્યાં છે. ત્યારે મીડિયાએ પણ પોતાની શી ફરજ છે, એ વાત સમજીને, સાંસ્કૃતિક ઉત્થાનનું ભગીરથ કાર્ય કરનારાઓને પૂરેપૂરો સહકાર આપવો જોઈએ.

તો ચાલો આપણે એક જ સ્વરમાં શંખનાદ કરીએ કે જેથી ઘોર તંદ્રામાં સૂતેલું વિશ્વ જાગી ઊઠે અને એક નવા સૂર્યોદયનાં સોનેરી કિરણોનો આનંદ માણી શકે.

મુક્તાનુવાદ : ભરત બાપોદરા, રાણાવાવ.

॥ ઓમશાંતિ ॥

પ્યારાં બાળકો, 'પવિત્રતા જ યોગી બનવાનું પહેલું સાધન છે, પરમાત્મ સ્નેહનો અનુભવ કરવાનું સાધન છે. સેવાની સફળતાનો આધાર છે.'

પ્યારા બાળકો - 'તમારા દરેક કર્મ દિવ્ય ચારિત્ર્યના રૂપમાં હોય, ચતુરાઈના નહીં. તમારા શ્રેષ્ઠ કર્મ દ્વારા પરમાત્માની પ્રત્યક્ષતા થાય.'

યુવા વિભાગ

યુવા શોઝ શિવ !

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

ઓમશાંતિ !

વહાલા યુવા ભાઈ-બહેનો,

ગતાંકમાં લૌકિક બંધનની વાતો કરી હતી. અત્રે અલૌકિક બંધનને જાણવા પ્રયાસ કરીશું. વાસ્તવમાં આ વિષય ઉપર અનેક ભાઈ-બહેનોએ પ્રકાશ પાથર્યો છે. પણ યુવાનોના દૃષ્ટિકોણથી આ વિષયને જોવાની ચેષ્ટા કરી છે. યુવાકાળ અનેક વિશિષ્ટતા સંપન્ન કાળ હોવાથી અનેક બંધનોમાં ફસાવવાની શક્યતા નકારી શકાતી નથી. આ ગેટમાંથી પસાર થવું એટલે એટેન્શન રૂપી દ્વારપાલ દ્વારા સતત ચોકી રાખવી પડે. જો આ નહીં કરવામાં આવે તો માયા રૂપી ડાકુ આપણને પોતાની કેદમાં લઈ લેવાની શક્યતા વધી જાય છે.

સેવાનું બંધન

સામાન્યતઃ એવું કહેવામાં આવે છે કે સેવા આધ્યાત્મિક ઉન્નતિનું સાધન છે. સેવા બ્રાહ્મણનો શ્વાસ છે. વાસ્તવમાં એ સત્ય પણ છે. પરંતુ એ ક્યારે બંધનનું રૂપ પણ લઈ લે તે કહેવાય નહીં. જેમ કે જ્ઞાન સાંભળતી વખતે, યોગાભ્યાસ કરતી વખતે માત્ર સેવાના જ વિચારો આવવા લાગે છે. સેવાનું પ્લાનિંગ કરવા બેસી જઈએ. ચાલતા ફરતા માત્ર સેવાના જ વિચારો આવે છે વગેરે વગેરે..

દા.ત. હું બેઠો હતો યોગાભ્યાસ માટે પણ સેવાના વિચારો આવે તો એ મારા માટે બંધન છે. જો ચર્ચા કરીએ તો કેટલાંક દલીલ પણ કરશે કે સેવાના વિચાર આવ્યા એમાં ખોટું શું છે ? ખોટા વિચારો કે વિકલ્પો તો નથી ને ! તર્ક કરીએ તો એવું કહીશ કે હું લક્ષ્યથી દૂર રહ્યો. કારણ કે હું કોઈ સેવાના પ્લાનિંગ માટે તો બેઠો ન હતો. મારું લક્ષ્ય હતું યોગાભ્યાસ. ગુણોની અનુભૂતિ, શક્તિઓની અનુભૂતિ, બાબાની સમીપતાની અનુભૂતિ. પરંતુ સેવાના બંધને તો મને આ બધી જ બાબતોથી વંચિત રાખ્યા.

વાસ્તવિકતા એ છે કે સેવા ઉમંગ-ઉત્સાહનું સાધન છે, સમયને સફળ કરવાનું એક રમકડું છે, નહીં કે ચઢતી કલાની સીડી ! સેવા એ બ્રાહ્મણ જીવનનો ચોથો વિષય છે. પરંતુ સમય જતા આ વિષય પહેલો બની જાય છે ત્યારે તે બંધન બની જતો હોય છે. વહાલા ભાઈ-બહેનો આપણે તો એ વિચારવું જ રહ્યું કે જ્ઞાન-યોગ વિના સેવાનું ભાગ્ય કેવી રીતે બની શકે ? કારણ કે સેવાનું ક્ષેત્ર જાહેર ક્ષેત્ર છે. જાહેર ક્ષેત્રમાં અનેક પ્રશ્નો, સમસ્યાઓ, હિસાબ-કિતાબ વગેરેનો સામનો કરવો પડે છે. વિઘ્નોમાંથી પસાર થવું પડે છે. માત્ર સેવાથી બ્રાહ્મણ જીવન ટકી ન શકે. માત્ર સેવા યોગી જીવનમાંથી સહયોગી બનાવે તેવી સંભાવના વધી જાય છે. સહયોગી આત્માને ભાવનાનું ભાડું મળી શકે પરંતુ સંપૂર્ણ વારસો તો નહીં મળે ને. આપણું લક્ષ્ય બાપસમાન સંપન્ન-સંપૂર્ણ સ્થિતિ બનાવવાનું છે. માત્ર સેવાધારી બનવાનું નથી. આમ તો સેવાની વાસ્તવિક શરૂઆત સ્વયંની સેવાથી જ થાય છે. અર્થાત્ જ્ઞાન-યોગ સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. એટલે જ બાબા એ બેલેન્સ શબ્દ વાપર્યો છે. જ્ઞાનનું મનન-ચિંતન, યોગનો ગહનતાથી અભ્યાસ એ સેવાના અનેક દ્વાર ખોલી આપે છે એ ક્યારે વિસરવું ન જોઈએ. યાદ રાખો જ્યારે જ્યારે પણ કોઈ નિર્માણનું કાર્ય અર્થાત નવીન સેવાને શરૂ કરવાની વાત આવી છે તો

અનુભવ કહે છે કે મનન-ચિંતન અને યોગના માધ્યમથી જ એ શક્ય બન્યું છે.

સેવાસાથીનું બંધન

સેવા કરતા-કરતા વરિષ્ઠ ભાઈ-બહેનો, સેવાસાથીના સંપર્કમાં આવવાની, એમના ગુણો-અવગુણો, વિશેષતા વગેરેને ઓળખવાની તથા વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક મળે છે. આ તક આધ્યાત્મિકતાના અનેક રહસ્યોને જાણવા માટેનું શ્રેષ્ઠ સાધન બની જાય છે. આ તક આપણે ક્યાં છીએ તે તપાસ કરવાની કસનળી સમાન બની જાય છે. પરંતુ એ જ તક ક્યારેક બંધનનું રૂપ પણ ધારણ કરી લે છે. જેને આપણા વરિષ્ઠ ભાઈ-બહેનો હમેશાં કહેતા આવ્યા છે કે લગાવ, ઝુકાવ, પ્રભાવ કે અભાવ ! મને આ બહેન સાથે કે આ ભાઈ સાથે વધારે ફાવે છે, તમે હોત તો મિટીંગમાં મજા આવી ગયી હોત, ફલાણી બેન કોર્ષ કરાવે તો કેટલું સારું ! મુરલી ક્લાસ તો ફલાણા બેન કરાવે તો ક્લાસની સંખ્યા વધી જાય, ફલાણા ભાઈ કે ફલાણી બેન સરસ યોગ કરાવે છે. આવા અસંખ્ય વાક્યો આપણે રોજ સાંભળીએ છીએ, કદાચ આપણે પણ ઘણીવાર બોલી દેતા હોઈએ. સૂક્ષ્મમાં વિચારીએ તો એવું નથી લાગતું કે આપણાં વરિષ્ઠ ભાઈ-બહેનોના કહેવા પ્રમાણે જ આપણે કોઈના લગાવ-ઝુકાવ કે પ્રભાવમાં છીએ ! બાપદાદા કહે છે કે બચપન કે દિન ભૂલા ન દેના... અર્થાત્ આપણે બાપદાદાના બન્યા ત્યારે કોઈ આત્માને જોઈને બન્યા કે બાપદાદાને જોઈને, એ ક્યારેય ભૂલવાનું નથી. ભલે આપણને કોઈએ કોર્ષ કરાવ્યો હશે પણ આપણે પ્રભાવિત થયા બાબાના જ્ઞાનથી, સિસ્ટમથી, સ્વચ્છતાથી, પવિત્રતાથી કે પછી બાબાએ આપેલા કોઈના ચહેરાની હર્ષિતમુખતા કે મધુર વાણીથી. અર્થાત્ આપણે જેનાથી પણ પ્રભાવિત થયા ત્યાં બાબા છે એટલે કહી શકાય કે બાપદાદાને જોઈને બાબાના બન્યા. બીજું આપણે સૌ જાણીએ છીએ કે કોઈ પણ ભાઈ કે બહેન વિશેષ છે. તેમનામાં રહેલી વિશેષતા બાપદાદાની દેણ છે. કારણ કે બાપદાદા સૌને ભાગ્ય બનાવવાની તક આપવાના છે તે વિશેષતાના આધારે જ. દરેક આત્માને રાજ્યાધિકારી બનાવવા એ બાપદાદાનું કર્તવ્ય છે. તે પ્રમાણે તે દરેક આત્માને કાંઈક ને કાંઈક વિશેષતા પ્રદાન કરવાના છે. એ વિસરવું ન જોઈએ. અને એ વિચારો જ સેવાસાથીના બંધનમાંથી મુક્ત થવાની યુક્તિ છે.

વિશેષતાનું બંધન

સર્વ બ્રાહ્મણ આત્માઓ વિશેષ છે અને ડ્રામાનુસાર સૌને વિશેષતા મળેલી છે એ સનાતન સત્ય હોવા છતાં એ વિશેષતા બંધન બની જવાની શક્યતા પણ સનાતન સત્ય છે. કોઈને પ્લાનિંગ બુદ્ધિ મળેલી છે તો કોઈને પાલના આપવાની આવડત. કોઈ હાર્ડ વર્ક કરી શકે છે તો કોઈ બ્રહ્માભોજન બનાવવામાં નિપૂણ છે. કોઈ શણગારી જાણે તો કોઈ કમ્પ્યુટર જોબ વર્ક કરી સેવાને સહેલું બનાવી શકે. દરેક બ્રાહ્મણ વિશેષ છે એ સત્ય છે. પરંતુ જ્યારે વિશેષતાનું અભિમાન બુદ્ધિ પર છવાઈ જાય છે, ત્યારે એ વિશેષતા આધ્યાત્મિક ઉન્નતિ માટે અવરોધ ઉભો કરે છે. કારણ કે અભિમાની વ્યક્તિ સૌનાથી દૂર થવા લાગે છે. પરિણામે એ સંગઠન રૂપી સાગરથી કિનારે ધકેલાઈ જાય છે. એકલા હાથે માયાથી લડવું અસંભવ સમાન છે એનો અનુભવ ડગલે ને પગલે થવા લાગે છે. તેથી દિલશિકસ્ત બની જવું. માનસિક થાક કે શારીરિક થાક અનુભવ કરવો. જીવનમાં ઉદાસી, નિરસતા આવવા લાગે. પછી ચિડચિડાપણ તો ક્યારે કોઈની નિંદા, ગ્લાનિ કરવી. અનેક બીમારીઓ એના જીવનમાં પગપેસારો કરતી જાય છે. એક વિશેષતા જે આધ્યાત્મિક ઉન્નતિનું સાધન હતું તે જ વિશેષતા

અવનતિનો માર્ગ ચિંધવા નિમિત્ત બની જાય છે. એટલે હમેશા યાદ રાખવું કે વિશેષતા પ્રભુપ્રસાદ છે. વિશેષતા પ્રભુ થાપણ છે જેમાં ખયાનત કરવી એ પાપ સમાન છે. વિશેષ છો એ વાત તો બાપદાદા પણ કહે છે. તેથી સ્વમાનમાં રહી દરેકને સન્માન આપી આગળ વધવાની વાત બાપદાદા હમેશા કહે છે. અને એ જ ઉન્નતિનું સાધન છે.

નામ-માન-શાનનું બંધન

જેમ-જેમ સેવાના ક્ષેત્રમાં આગળ વધીએ છીએ તેમ-તેમ અલૌકિક જગતમાં નામના મળે છે, માન પ્રાપ્ત થવા લાગે છે. મારો એક અનુભવ સંભળાવું કે હું મહારાષ્ટ્રમાં કિર્તન કરવા ગયો હતો. કિર્તનમાં આત્મા, પરમાત્મા, ભારત, કર્મ બધી જ વાતો કરું છું. મહારાષ્ટ્રમાં પ્રચલિત અભંગના આધારે બાબાના જ્ઞાનને પિરસું છું. કિર્તન પૂરું થયા બાદ સામાન્યત: બધી જ જગ્યાએ ૭૦૦-૮૦૦ શ્રોતાઓ લાઈનમાં આવે અને આવી પગે પડતા હોય છે. જ્યારે પહેલી વાર મેં આ અનુભવ કર્યો ત્યારે હું અંદરમાં અટવાયા કરતો હતો કે આ શું ચાલી રહ્યું છે ? મન માને નહીં. ખૂબ ગભરામણ થવા લાગી હતી. બેનને કહું કે બેન આ બધુ બંધ કરાવો ને, મને નથી ગમી રહ્યું. બેન કહે કે આજે તમારો વારો છે. સાક્ષી બનીને જોયા કરો. મને પાઠ ભણાવી દીધો. ત્યારથી લઈને આજ સુધી પોતાની જાતને ખૂબ જ સાચવું છું કે મનમાં માનની ભૂખ જાગે નહીં. આવી રીતે દરેક બાબતોમાં નામ-માન-શાન જાગૃત થવાની શક્યતા વધી જાય છે. માટે શિવાનીબેન હમેશા કહે છે કે આપણે સૌ દાતાના બાળકો આપવાવાળા, આપણે તો આપવાની વૃત્તિ ધારણ કરવી જ રહી. કરન-કરાવનહારની સ્મૃતિ આ બંધનમાંથી મુક્તિ અપાવી શકે છે.

નિમિત્તપણાનું બંધન

નિમિત્ત બનવા માટે સૌને તક એ ડ્રામામાં નોંધાયેલી છે. પણ એ જ તક બંધન બની જાય તો નવાઈ નહીં. કદાચ એ મારી નિખાલસ ચેષ્ટા હશે, પણ અનુભવ કહે છે કે નિમિત્તભાવમાં હું પણું આવે છે ત્યારે બંધન બની જાય છે. હું કહું એ જ સાચું, મારા મુજબ ચાલવું જોઈએ, મારા કહેવા પ્રમાણે થવું જોઈએ, મારું કેમ માનતા નથી વગેરે સંકલ્પો નિમિત્તભાવથી દૂર ધકેલવા નિમિત્ત બની જતા હોય છે. એ જ આધ્યાત્મિક ઉન્નતિમાં અવરોધ પેદા કરે છે. બીજું કે કોઈ કાર્ય માટે નિમિત્ત થવું એ કઈ રીતે બંધન બની જાય છે તે અત્રે જોઈએ. સમજો કે હું કોઈ જીજ્ઞાસુને કોર્ષ કરાવવા નિમિત્ત બનું છું. મારું કર્તવ્ય છે કે હું જિજ્ઞાસુને બાબાભિમુખ બનાવું, બાબા પાસેથી સંપૂર્ણ વારસો લેવા તૈયાર કરાવું. એના મનમાં બાબા-બાબા હોય. બાબાનું કાર્ય છે, બાબાની સેવા છે એ ભાવ એના મનમાં પેદા કરાવું. પણ સમય જતાં એવું બને કે જિજ્ઞાસુ મારી પૂછપરછ કરે, હું મુરલી સંભળાવું તો જ તે સેન્ટર પર આવે, મારા વગર એને જ્ઞાનમાં રસ નહીં પડે, સેવામાં પણ કહું તો જ આવે વગેરે-વગેરે અનેક ચિન્હો જોવા મળે. આ એક પ્રકારનું સૂક્ષ્મ બંધન છે.

વહાલા ભાઈ-બહેનો, એવા અસંખ્ય બંધનોનું વર્ણન અત્રે થઈ શકે છે. પણ મનમાં વિચાર આવે છે કે શું એ બંધનો મને ઉડવા દેશે ? શું આ બંધન મને બાબાના પ્યારનો અનુભવ કરાવશે ? અલૌકિક બંધનોની મહિનતા ઘણી બધી છે. એ એક પ્રકારની સોનાની જંજીરો છે. જે ઓળખી, પારખી આગળ વધવું જોઈએ. એટલે જ દાદી પ્રકાશમણિજી એ કહ્યું છે કે નિમિત્તભાવ, નિર્માણ અને નિર્મળ વાણી.

॥ ઓમ શાંતિ ॥

પરમાત્માની સત્ય ઓળખ

બ્ર.કુ. ઋષિ, કારેલીબાગ, વડોદરા

આ સૃષ્ટિમાં ભગવાનના નામ પર જેટલા વાદ-વિવાદ છે, એટલા બીજાં કોઈ વિષય પર નથી.

પરમાત્મા જે પ્રેમ, આનંદ, શાંતિના સાગર છે તેના નામ પર દ્વેષ, ક્રોધ, અશાંતિનું વાતાવરણ સર્જાવવામાં આવી રહ્યું છે. અનેક ધર્મપિતાઓ, ઋષિમુનિઓ આદિએ સૃષ્ટિના આ પતનને રોકવા માટે અનેક મતો આપી, સૃષ્ટિમાં ચેન-ઓ-અમન કાયમ રાખવા શાસ્ત્રો લખ્યાં, માનવમાં માનવતા જાળવી રાખવા એક પ્રકારે ભગવાનનો ડર પણ ફેલાવવામાં આવ્યો પરંતુ આ બધું કરવા છતાં સૃષ્ટિનું પતન જ થયું છે.

છેલ્લાં ૨૫૦૦ વર્ષથી આપણે પરમાત્માને શોધીએ છીએ. તેની સત્ય ઓળખને જાણવાના પ્રયાસ કરીએ છીએ. ભક્તિ દ્વારા આપણે તેને પામીશું તેવી આશા રાખીએ છીએ, પણ આમ થયું નહિ. ગીતામાંજ લખ્યું છે ‘જપ, તપ, પુણ્ય, આદિથી હું મળતો નથી.’ પરંતુ આપણે આ બધાં માર્ગ દ્વારા તેને શોધવાના પ્રયાસ કર્યા છે.

અહીયાં એક પ્રશ્ન થાય છે. શું વાસ્તવમાં ભગવાન છે ખરાં ? અને છે તો તેને શોધવું અને પામવું સંભવ છે ? ઈસ્લામ ધર્મમાં ભગવાનને ખુદા કહેવાય છે અર્થાત્ ખુદ આવવાવાળા ખુદા.

પરમાત્મા સ્વયં આવીને પોતાનો પરિચય આપે છે. અને તે જેમ કે એક વ્યક્તિની ઓળખ તેના મિત્ર-સંબંધી બધાં જ અલગ અલગ રીતે આપે છે. કોઈ તે વ્યક્તિને પ્રેમાળ કહે છે તો કોઈ ઈમાનદાર, અને જો કોઈને સાથે અણબનાવ થયો હશે તો એઓ તેને ક્રોધી તો કોઈ તેને મક્કાર કહે છે.

પરંતુ પોતાનો સત્ય પરિચય જે તે વ્યક્તિ જ આપી શકે છે બીજા બધાથી તેનો સંપૂર્ણ સત્ય પરિચય મળવો સંભવ નથી. હા, તેનો થોડો થોડો પરિચય બીજાં આપી શકે કારણ કે, જેણે તેને જે રૂપમાં અનુભવ્યો તે રૂપ માત્રનો જ પરિચય તે આપી શકશે.

કંઈક આવું જ ભગવાનના સંદર્ભમાં પણ થયું છે. ધર્મપિતાઓએ તેનાં કોઈ એક ગુણને અનુભવ્યો અને તેજ સ્વરૂપમાં પરમાત્માની ઓળખ આપી.

બુદ્ધ, પરમાત્માના પ્રેમના પાસા પર આગળ વધ્યા, જ્યારે જિસસે પરમાત્માનું કરૂણાનું પાસું અનુભવ્યું.

પરમાત્મા એ એક અથવા બે કે ત્રણ ગુણોના નહિ પણ સર્વગુણોના સાગર છે અને સૌથી મોટી વાત પરમાત્મા જ્ઞાનના સાગર છે. તેની ઓળખ જ તેના જ્ઞાનથી થાય છે, કારણ કે સત્ય જ્ઞાન સિવાય સત્ય પરમાત્મા કોઈ આપી શકતું નથી.

ખુદા એટલે કે ખુદ આવવાવાળા ભગવાને પોતે આવી સૌ પ્રથમ આપણને આપણી અને પરમાત્માની સત્ય ઓળખ આપી. પોતાની ઓળખમાં પરમાત્મા કહે છે.

‘હું પરમપિતા શિવ પરમાત્મા છું.’ અર્થાત્ હું સર્વ આત્માઓનો પિતા, પરમાત્મા છું અને મારું નામ શિવ છે.

આગળ જતાં બીજો પ્રશ્ન થાય છે કે અત્યાર સુધી આપણે મૂર્તિઓને પૂજતા આવ્યા અને બીજી તરફ ગીતામાં લખ્યું છે અજન્મા છું અને હું નિરાકાર છું અને તે જ યાદગારમાં આપણે શિવલીંગને નિરાકાર બતાવ્યું છે. તો વાસ્તવમાં

પરમાત્માનું રૂપ શું છે ? શું ભગવાન એક દેહધારી છે ? કે નિરાકાર છે ?

પરમાત્માએ આ વિવાદમાં પણ પૂર્ણવિરામ મૂકતા કહ્યું છે : 'હું જ્યોતિર્બિંદુ નિરાકાર સ્વરૂપ પરમાત્મા છું.' અને આ વાત ગીતામાં પણ છે. આ વાતને ખ્રિસ્તી ધર્મ પણ સ્વીકારે છે ? 'ગોડ ઈસ વન એન્ડ ગોડ ઈસ લાઈટ.' ઈસ્લામ ધર્મમાં પણ આ વાત છે. 'ખુદા નૂર હૈ, ઔર વે સાતવેં આસ્માનમેં રહતા હૈ.' 'સાતમું આસમાન' આ કયા આસમાનની વાત છે ? આપણને તો એક જ આકાશ દેખાય છે. તો બાકીના બીજાં છ ક્યાં છે ? પરમાત્મા તેનું એડ્રેસ પણ આપે છે, અર્થાત્ તેનું નિવાસ સ્થાન, તેના દેશનું જ્ઞાન આપતા કહે છે. 'હું પરમપિતા પરમાત્મા શિવ, જ્યોતિર્બિંદુ સ્વરૂપ નિરાકાર, પરમધામનો નિવાસી છું.'

આ સૃષ્ટિના પાંચ તત્ત્વોથી પાર જે પ્રકાશની દુનિયા છે જ્યાં બ્રહ્મા, વિષ્ણુ, શંકર એવા આકારી દેવતાઓનું નિવાસ સ્થાન છે જેને સૂક્ષ્મ વતન કહેવાય છે.

તેની પણ ઉપર લાલ પ્રકાશમય નિરાકારી દુનિયા 'પરમધામ'નો હું રહેવાસી છું.'

હવે અહીંયા તમને કદાચ પ્રશ્ન ઉઠી શકે....

વારે-વારે પરમાત્માએ કહ્યું, પરમાત્મા કહે છે, પરમાત્માએ બતાવ્યું. આ પરમાત્મા બધું ખાલી મને જ કેમ કહે છે અને બતાવે છે.

ગીતા એ સર્વશાસ્ત્ર શિરોમણી કહેવાય છે અને તેમાં લખ્યું છે..'યદા યદા હી ધર્મસ્ય......'

આ શ્લોક પરમાત્માએ કરેલા એક વાયદાને દર્શાવે છે કે જ્યારે જ્યારે ભારતની ભૂમિ પર ધર્મની ગ્લાનિ થાય છે, પાપાચાર વધી જાય છે, ત્યારે-ત્યારે મારું દિવ્ય અવતરણ થાય છે. આજે આપણે સહુ જાણીએ છીએ કોઈ એવું પાપ નથી, કોઈ એવું વિકર્મ નથી જે ભારતની ભૂમિ પર નથી થઈ રહ્યું. પાપાચાર અતિને પામ્યો છે ઘર-ઘર હસ્તિનાપુર છે. તો શું પરમાત્મા પોતાના વાયદા અનુસાર આવ્યાં ? શું પરમાત્મા દ્વારા કરેલ આ વાયદો ખોટો છે ?

ઘોર અંધારી રાત્રિ બાદ જ્યારે સૂરજ નીકળવાની શરૂઆત કરી રહ્યો છે. તે જ રીતે પરમાત્મા આ ધરા પર દિવ્ય અવતરણ કરે છે.

પણ એ અલૌકિક દ્રશ્યની ભાસના અને આનંદ તે જ લોકો લઈ શકે છે. જે લોકો તે સમયે જાગતા હોય કારણકે સૂરજ ઉગ્યા પહેલાં અંધકાર છે અને સૂરજ ઉગ્યા પછીની અજવાળી દુનિયા અલગ છે. પણ અંધકારને અંતે અને સવારના પહેલાંનો સમય અતિ મનમોહક હોય છે.

તે જ રીતે પરમાત્મા કલિયુગી રૂપી અંધકારને દૂર કરવા, અને સતયુગી રૂપી સવારને લાવવા માટે આ ધરા પર અવતરિત થઈ ચૂક્યા છે અને આત્માઓનું પરમાત્મા સાથે મધુર મિલન થાય છે. આ મિલન જ્યારે થાય છે ત્યારે એક નવા યુગની રચના થાય છે અને તે યુગ કહેવાય છે 'સંગમયુગ'. આત્મા અને પરમાત્માના મધુર મિલનને આ સંગમયુગ કલિયુગના અંત અને સતયુગના પૂર્વે આવે છે અર્થાત્ પરમાત્માના અવતરણનો યુગ સંગમયુગ કહેવાય છે અને આ યુગમાં આવીને પરમાત્મા આપણને આ સત્ય જ્ઞાન આપે છે.

તો પરમાત્મા કેવળ મને જ નહીં પણ સૌને કહી રહ્યાં છે કે હું મારા વાયદા અનુસાર આ ધરા પર આવી ચૂક્યો છું અને તમે દિવ્ય બુદ્ધિ દ્વારા મને ઓળખો.

અહીંયા છેલ્લો પ્રશ્ન એક એવો ઉઠે છે કે પરમાત્મા સંગમયુગમાં દિવ્ય અવતરણતો કરે છે પણ ત્યાર બાદ તે શું કરે છે ? પરમાત્માનું કર્તવ્ય શું છે ?

પરમાત્માનું કર્તવ્ય છે પતિત આત્માઓને પાવન બનાવવાનું. ગુરુગ્રંથ સાહિબમાં લખ્યું છે ‘માનુષકો દેવતા કીએ, કરત ના લાગી વાર.’

આત્મામાં જ્યારે ૫ વિકારોની પ્રવેશતા થઈ જાય છે ત્યારે એ પતિત બને છે.

પાંચ વિકાર અર્થાત્ ‘કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર.’ ભક્તિમાર્ગમાં બતાવેલ રાવણ એ આની જ યાદગાર છે. વાસ્તવમાં દસ માથાવાળો મનુષ્ય કોઈ હોતો નથી.

પાંચ વિકાર સ્ત્રીના અને પાંચ વિકાર પુરુષના તેમ કરીને દસ માથાનો રાવણ બતાવવામાં આવે છે. અને આ કલિયુગ રાવણપ્રધાન અર્થાત્ તમોપ્રધાન છે. રાવણની પ્રવેશતા દરેક આત્મામાં છે આત્મા વિકારોને આધીન છે. આત્મા પોતાની જ કર્મેન્દ્રિયોનો ગુલામ બની ચૂક્યો છે. અને આ કલિયુગને પરિવર્તન કરી સતયુગ બનાવવા પરમાત્માનું દિવ્ય અવતરણ થાય છે.

જ્યારે પતિત આત્મા પરમાત્મ જ્ઞાન અને પરમાત્માના શીખવાયેલ રાજયોગ દ્વારા પાવન બની જશે ત્યારે આ ધરા પર સતયુગ આવી જશે.

તો આ છે પરમાત્મા પિતાની સત્ય ઓળખ.

‘નામ રૂપ દેશ કાળ કર્તવ્ય.’ હે આત્મન કલિયુગી અંધકારથી જાગીને સતયુગી દુનિયામાં જવાનો સમય આવી ચૂક્યો છે. ગીતામાં કહ્યું છે ‘મને કોટો (કરોડો)માંથી કોઈ અને કોઈમાંથી પણ કોઈક ઓળખી શકે છે.’

મારી એવી જ શુભભાવના છે કે આપ સહુ પોતાના વાસ્તવિક પારલૌકિક પિતા પરમાત્માને જાણો અને સુખ ઘનેરા પામો.

વિગતે નિઃશુલ્ક સાપ્તાહિક રાજયોગ કોર્સ કરવા માટે તમારા નજીકના બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર પર અવશ્ય પધારો.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૧૮નું અનુસંધાન)

જોઈએ.

હાસ્ય અને સ્મિત કેવળ સુખી જીવનની ચાવી નથી, પરંતુ તંદુરસ્તી માટે પણ એટલા જ ઉપયોગી ટોનિક છે. વિટામીનની ગોળીઓ અને શક્તિની દવાઓ કરતા વધુ અસરકારક છે. એક ખુશીનું સ્મિત. ખડખડાટ અને મુક્ત હાસ્ય, સ્વાસ્થ્ય વિજ્ઞાને સાબિત કર્યું છે કે પ્રસન્નતા એ પ્રત્યેક બીમારીનો રામબાણ ઈલાજ છે. આપણા શરીરની બધી જ પ્રણાલીઓ ઉપર હાસ્યની સકારાત્મક અસર પડે છે. - જેવી કે શ્વસનતંત્ર, અંતસ્ત્રાવતંત્ર, રક્તાભિસરણતંત્ર, વગેરે. સારા પ્રમાણમાં હસ્યા બાદ વ્યક્તિનું લોહીનું દબાણ નીચે ઉતરે છે અને આરોગ્યદાયી પરિણામ આપે છે. ફેફસામાંનો પ્રાણવાયુ વધુ પ્રમાણમાં લોહીમાં ભળે છે. જેને પરિણામે શક્તિનો સંચાર થવાની અનુભૂતિ થાય છે અને મગજ પણ સક્રિય બને છે.

મહાન ચિંતક ફ્રોઈડે કહ્યું છે કે હાસ્ય પ્રત્યેક વ્યક્તિની સલામતીનો સાથીદાર છે જે વ્યક્તિને ચિંતા, ડર, ક્રોધ વગેરે મનોવિકૃતિઓથી બચાવીને સુરક્ષિત રાખે છે.

મિત્રો, આપણે આપણા રોજીંદા વ્યવહારમાં, ગમે તે પરિસ્થિતિમાં પ્રભુએ આપેલા વરદાન રૂપ એવા ખુશીના ખોરાકને ખાતા રહીએ. અને એ ખુશીનો ખોરાક બીજાઓને પણ ખવડાવતા રહીએ. એવી શુભ ભાવના સાથે....

॥ ઓમશાંતિ ॥

સારું કાર્ય કરવા માટે કોઈ શુભ અવસરની રાહ જોશો નહિ પરંતુ નાના નાના અવસરોનો જ લાભ ઉઠાવજો.

કંટ્રોલીંગ પાવર

બી.કે. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

વિશ્વમાં માનવ જાતની પડતી કે અધોગતિનાં કારણોમાં એક કારણ નિયંત્રણનો સ્વીકાર અથવા વિરોધ છે. અને આજે આ પરિસ્થિતિ કાબુ બહાર છે. આત્માઓ પતિત અને વિકારી બની ગયા અને સ્વયં ભગવાનને પતિતોને પાવન બનાવવા, આત્માઓને વિકારોનાં બંધનમાંથી મુક્ત કરવા આ ધરા પર આવવું પડ્યું. કેટલાક મહાન આત્માઓએ આ પરિસ્થિતિ પર અંકુશ મેળવવા અનેક પ્રયત્નો કર્યા પણ જેમ જેમ નિયંત્રણ અને અંકુશ માટેના પ્રયત્નો કરતા ગયા તેમ તેમ પરિસ્થિતિ વધુને વધુ વિસ્ફોટક બનતી ગઈ. માનતા દ્વારા સ્થાપિત ધર્મો પણ મનુષ્યમાં આ વિષયે સંતોષજનક પરિણામો નથી લાવી શક્યા. કારણ કે આધ્યાત્મિક જગતમાં પણ ક્યાંક ને ક્યાંક સમસ્યા અને વિરોધ દેખાય છે.

વ્યક્તિથી માંડી વિશ્વ આમ તો અંકુશ વગર સુરક્ષિત રહી ના શકે. પરિવારના સંબંધોમાં, સ્વના વાણી વર્તનમાં તો સમાજના વિધિ વિધાનોમાં નિયંત્રણ વગર ચાલી ન શકે. આવા સમયે અંકુશ રાખનાર અને અંકુશમાં રહેનાર, નિયંત્રણ મૂકનાર અને નિયંત્રણમાં રહેનાર વચ્ચે કોઈ એવી સમજ કે મૂલ્યોની જરૂરિયાત છે જેનાથી વ્યક્તિ ખુશી ખુશી આ બંધનોને સ્વીકારે અને સમજે કે તેમાં તેનું હિત સમાયેલું છે. અહીં આપણે અંકુશ મૂકનાર કે નિયંત્રણ રાખનારી અને અંકુશમાં રહેનાર અથવા તો નિયંત્રિત વ્યક્તિના વિષે વિચારવું રહ્યું.

સામાન્ય રીતે પરિવારમાં 'આ મારું કહ્યું માનતો નથી.' આ બહુજ સામાન્ય ફરિયાદ વડીલોની હોય છે. તો બીજી બાજું આવું તે કંઈ હોય. આ આટલું પણ સમજતાં નથી. આ પ્રત્યુત્તર સામે પક્ષે જોવા મળે છે અને અંતે સ્થિતિ વધુ બગડશે તેવા ડરથી 'બહુ કહેવામાં મજા નથી.', તેમને જે કરવું હોય તે કરવા દો જેવાં વલણ અપનાવી પરિસ્થિતિને નિયંત્રણ કે અંકુશ મુક્ત કરી દેવાય છે. પરિણામે પરિસ્થિતિ વધુ વણસે છે. તેથી તે વ્યક્તિને, સમાજને, સંસ્થાને તેના માઠા પરિણામો ભોગવવા પડે છે. પરિવારનાં નિશ્ચિત અનુશાસન, નિયમ, અંકુશ વ્યક્તિને ભટકવા નથી દેતાં, જીવન જીવવાની રીત શીખવે છે. મોટાઓ જવાબદારી નિભાવે અને નાના તેમની વાતને માને.

હવે પ્રશ્ન એ થાય છે કે વ્યક્તિ બંધન કે નિયંત્રણ કેમ સ્વીકારતો નથી ? **અંકુશમાં રાખનારની ભેદભાવ ભરી નીતિ, અન્યના પ્રભાવ, લગાવ, દબાવ કે આકર્ષણથી પ્રેરિત વર્તન, સમાનતાનો અભાવ, પૂર્વગ્રહ કે અનુમાનથી કરેલો આદેશ, સ્વાર્થ વૃત્તિ, અણબનાવ જેવા કેટલાક કારણોને લીધે નિયંત્રણને અપનાવતો નથી. પોતાનું ધાર્યું અથવા તો સૂચનો વિરુદ્ધનું કાર્ય કરવા પ્રેરાય છે. લાંબેગાળે વ્યવસ્થા અને વાતાવરણ બગડે છે.**

ક્યારેક સમય પ્રતિ સમય કેવા નિયંત્રણ કે અંકુશ રાખવા જોઈએ તેની સમજદારીનો પણ અભાવ જોવામાં આવે છે. તો ક્યારેક નિયમ સંયમનું પાલન કરાવવામાં નિર્ભયપણાનો અભાવ જોવા મળે છે. કર્તવ્યનો અહેસાસ કરાવવાની શક્તિ અને યુક્તિ દ્વારા નિયમ પાલનનો આગ્રહ રાખી જવાબદારી અદા કરવી પડે. વ્યક્તિત્વ પારદર્શક હોય. સ્નેહ, પ્રેમ, સરળતા જેવા મૂલ્યોથી ખુદને ભરપૂર કરી પોતાની છબી એવી

બનાવો કે જેના બંધનમાં કે અંકુશમાં રહેવું ગમે.

બીજી બાજુ અંકુશ અને નિયંત્રણો હેઠળ બધાની સુરક્ષા છે. જેની શરૂઆત સ્વયં નિયંત્રણનું પાલન કરી કરવાની છે. એક વ્યક્તિ નિયંત્રણને તોડે તો જૈસા કર્મ મૈં કરૂંગા મુજે દેખ ઔર કરેગાના પરમાત્માએ કહેલ નિયમ મુજબ સમગ્ર વ્યવસ્થા બગડે છે. આપણી આસપાસની અસ્વચ્છતા, ટ્રાફિકની સમસ્યા, પ્રદૂષણ બધું જ અસ્તવ્યસ્ત થઈ જાય છે. અર્થાત્ નિયંત્રણ સ્વીકારવામાં આપણું શ્રેય છે. એક વાત સમજાવી જોઈએ.

સંતાનો મા-બાપની નજર હેઠળ રહેવાનું સ્વીકારે તેમાં તેમને હૂંફ મળે છે. માર્ગદર્શન મળે છે. આ સંદર્ભમાં એક દાદીમાએ પૌત્ર માટે પોતાના પુત્રને આપેલી સલાહ કે બાળકને ઘરમાં અલગ રૂમ નહીં પરંતુ ઘરનો એક ખૂણો આપવાની જરૂર છે. એ કેટલી પ્રસ્તુત છે ! સમાજમાં વ્યક્તિ અનેક સંબંધોના બંધનોને સ્વીકારે જ છે ને ? કોઈ વચને બંધાઈને ગૌરવ અનુભવે છે. જીવન નિર્વાહ અર્થે પણ ક્યાંક તો બંધાવવું જ પડે છે અર્થાત્ નિયંત્રણ વગરની જિંદગી બેલગામ બને છે. આમાં પરતંત્રતા કે ગુલામીની વાત નથી કે નથી સ્વતંત્રતા છીનવી લેવાની વાત. આ તો વહી જતા પાણીને બંધ બાંધી તેના સદ્‌ઉપયોગની વાત છે. સર્વના કલ્યાણની વાત છે.

આવનારી નવી દુનિયા જ્યાં કોઈ નિયંત્રણ કે અંકુશ નહીં હોય પરંતુ તેવા રાજ્ય કારોબારના સંસ્કારોનું બીજ તો આપણે સંગમ પર જ નાંખવું પડશે.

શિવબાબાએ બ્રહ્મા દ્વારા યજ્ઞ સ્થાપ્યો અને અહિયાં નાની વયની કુમારીઓને વર્ષો સુધી મર્યાદામાં અને નિયંત્રણમાં ચલાવ્યા. ઈશ્વરીય નિયમ સંયમમાં રહેતાં શીખવ્યું. દુન્યવી વાતાવરણથી દૂર રાખ્યા. છતાં ક્યારેય તેમને બંધનનો અનુભવ ન થયો. ન ક્યારેય આજ્ઞાનું ઉલ્લંઘન થયું. બાબાએ પાલના આપી, સ્નેહ આપ્યો તેની સાથે સાથે નિયંત્રણમાં પણ રાખ્યા. ખબરદારી સતર્કતા પણ રાખી. વિવાદ, દબાવ વગર જે ન ચાલી શક્યા તેમને વિદાય પણ આપી, પણ યજ્ઞને નિરંકુશ ન થવા દીધો.

અંકુશમાં રાખવાની પણ કુશળતા જોઈએ. પ્રેમીની પ્રતીક્ષા, માની લાગણી કે અપરાધીના ડરની જેમ અંકુશનો અણગમો ચહેરા પર દેખાઈ આવે ત્યારે મૂકેલ નિયંત્રણને તપાસી જો તેમાં વ્યવહારીકતા ન હોય યોગ્ય ન હોય તો ત્યાં ફેરફાર કરવાની જરૂર છે. તેના પાલન પર પહેરો રાખવાની જરૂર છે. જીવનમાં દિનચર્યાથી માંડી ખાન-પાન, બોલ-ચાલ, આહાર-વિહાર, વાણી-વર્તન, મિલન-મુલાકાત, રહન-સહન, ચારિત્ર, સંગ કે દુન્યવી આકર્ષણો સીમા પાર કરે ત્યાં એક લક્ષ્મણ રેખાની જરૂર હોય છે. નિયંત્રણની જરૂર હોય છે. જેના વિના પવિત્રતા સંપૂર્ણ નથી.

આપણે જો આપણી જાતને યજ્ઞ રક્ષક સમજતા હોઈએ તો આવનારા સમયમાં નિયંત્રણમાં રહેતા અને રાખતા શીખવું પડશે એટલે બાબા કહે છે - ભવિષ્ય રાજ્ય કારોબાર કો ચલાને વાલે હોવનહાર રાજ્ય અધિકારી આત્માએ અપની રુલીંગ ઔર કંટ્રોલીંગ પાવર કો બઢાને કા પુરુષાર્થ કરો.

॥ ઓમશાંતિ ॥

લાડલાં બાળકો, રાજ્ય અધિકારી બનવું હોય તો જ્ઞાનની શક્તિ અને સેવાની શક્તિ આવશ્યક છે.

દેશમાં સઘળી લડાઈ ફોતરાં માટે થાય છે. અંદરના સારને કોઈ શોધતું નથી.

સબસે ઊંચી પ્રેમ સગાઈ

બ્ર.કુ. બકાભાઈ આર. પટેલ, કાલીપુરા

આ જગતના સર્વ સંબંધોમાં સૌથી ઊંચો જો કોઈ હોય તો એ ‘પ્રેમ-સંબંધ’ છે. સમગ્ર વિશ્વને એક તાંતણે બાંધી રાખવાની શક્તિ પરસ્પર પ્રેમમાં છે. વિશ્વ એક પરિવારની ઉચ્ચ ભાવના પ્રેમમાંથી પ્રગટે છે. પ્રેમના કોઈ સીમાડા હોતા નથી. પ્રેમ એ તો સર્વવ્યાપી અને કદી ખૂટે નહિ એવો અખૂટ છે. માટે જ કહેવાયું છે, ‘જગતની સર્વ કડીઓમાં, સ્નેહની સૌથી વડી.’ જગતના બધા ધર્મોમાં પ્રેમ-ધર્મનું મૂલ્ય ઊંચુ અંકાયું છે. ભગવાન ઈશુનો ઉપદેશ છે. - ‘તું તારા પડોશી સાથે તારી જાત જેટલો જ પ્રેમ કર.’ સંત કબીરજીએ પણ પ્રેમનો ઊંચો મહિમા કરતાં ગાયું છે કે ‘ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.’ આમ અઢી અક્ષરના પ્રેમ શબ્દની તાકાત કોઈ શબ્દોમાં વર્ણવી શકાય એવી નથી.

પ્રેમનાં અનેક સ્વરૂપો છે. સમર્પણભાવથી વ્યક્ત થતો ભગવાન અને ભક્ત વચ્ચેનો અલૌકિક પ્રેમ, દેહથી પર એવા બે આત્મા વચ્ચેનો આત્મીય પ્રેમ, મા-બાપ અને સંતાનો વચ્ચેનો પરસ્પર વાત્સલ્ય પ્રેમ, હૃદયના ઊંડાણમાંથી પ્રગટ થતો આશિક અને માશુકનો નિર્મળ પ્રેમ, પ્રાકૃતિક લીલાનું રસદર્શન કરાવતો પ્રકૃતિ-પ્રેમ, આમ પ્રેમ એ વિવિધ સ્વરૂપે વ્યક્ત થતો અંદરનો એવો ભાવ છે જે માનવીને આનંદનો અનુભવ કરાવનારી ઉર્જા પૂરી પાડે છે.

સતોગુણી આત્માનો એક ગુણ પ્રેમ છે. આત્માના સ્વધર્મરૂપી પ્રેમની જ્યોતના અજવાળે માનવ જીવન સરળ અને સહજ બને છે. પ્રેમથી જ જગતને જીતી શકાય છે. જ્યાં પ્રેમ નામનું તત્ત્વ નથી ત્યાં માત્ર ખાલીપો જ અનુભવાય છે.

આત્મા અને પરમાત્માના મિલનમાં પણ પ્રેમરસ ના ભળે તો એ મિલન પણ નીરસ અને અર્થહીન બની રહે છે. બ્રહ્મા બાબાના મહાવાક્યોમાં આત્મા-પરમાત્મા સાથેના પ્રેમની તુલના આશિક-માશુકના શુદ્ધ અને પવિત્ર પ્રેમ સાથે કરાઈ છે. આ માટે પ્રેમ પાછળ બલિદાન આપનારી કેટલીક પ્રાચીન અને ચિરસ્મરણીય પ્રણય કથાઓની પણ યાદ બાબા અપાવે છે કે જેથી બાળકોને સાત્વિક અને પવિત્ર પ્રેમની ઓળખ થાય.

નીજ આત્મામાં જો પરમાત્મા પ્રત્યેનો દિવ્ય પ્રેમ નહિ પ્રગટે ત્યાં લગી બધુ વ્યર્થ છે. આમ પ્રેમરૂપી સાંકળથી જ પરમાત્મા બંધાય છે. પરમાત્મા પ્રત્યેના સાચા પ્રેમના પ્રાગટ્યથી જ આત્મા-પરમાત્મા વચ્ચેનું અંતર ઘટે છે. પ્રભુ પ્રત્યેની સાધના પ્રેમરૂપી અમૃતના સિંચનથી જ સરળ અને પ્રભાવશાળી બની શકે. એટલે કે પ્રેમરૂપી આત્માનું ઝરણું જ પ્રભુને ભીંજવવા સમર્થ બને છે. એક સરસ ગીત પણ છે. ‘પ્રેમ સે બસ દો ઘડી, પ્રભુ કા ધ્યાન કીજીયે.’

આ સંસારમાં કેટલાંક કામ જે પ્રેમથી થઈ શકે છે એ સત્તા કે બળથી નથી થઈ શકતાં. નાના બાળકને શિક્ષણથી માંડીને સારી ટેવો પાડવાની કેળવણી જો માતા કે શિક્ષક દ્વારા પ્રેમથી આપવામાં આવે તો ચોક્કસ પરિણામ મળી શકે છે. વળી ખોટા માર્ગે ચાલનાર વ્યક્તિને સદ્‌માર્ગે વાળવાની તાકાત પણ પ્રેમમાં છે. ટૂંકમાં પ્રેમથી ઘણુંબધું પ્રાપ્ત કરી શકાય છે.

આ સૃષ્ટિ લોકમાં સમગ્ર માનવજાતને સુખ અને શાંતિનો અલૌકિક અનુભવ કરાવનારી કોઈ

(અનુસંધાન પેજ નં. ૩૩ પર)

સમય છે પરિવર્તન કરવાનો

બી.કે. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

સમય છે સ્વયંને બદલવાનો,
પરંતુ પોતાને કોઈ બદલતું નથી.
પરચિંતનનાં પાંદડે બેસી,
ઈર્ષ્યા વેર કોઈ છોડતું નથી.
સ્વચિંતન ઉન્નતિની સીડી છે
પરંતુ પરનિંદા - પરમત કોઈ છોડતું નથી.
કામ વિકારથી વશ થઈ,
સુખ-શાંતિ-આનંદ ગુમાવે છે.
સમય, શક્તિ, સ્વભાવન,
સત્યતાને માર્ગે કોઈ વળતું નથી.
ક્રોધાગ્નિથી વશ થઈ, ચિંતાની ચિત્તા જલાવે છે,
પાપનું ભાથું બાંધી શિર પર પુણ્યના રસ્તે કોઈ ચાલતું નથી.
મોહ કડવા લીમડા સમાન છે, એને દિલથી છોડવો છે,
સ્નેહી બની સુગંધ આપવા કટકો બનવું નથી.
લોભ લોભાવે સંસારમાં, જીવનમાં દગો આપે છે,
સર્પ સમાન કુવિચારો એનો સંગ્રહ કરવો નથી.
દેહ અભિમાન કરાવે, વિકર્મ, ઉપરામ એનાથી રહેવું છે,
માન-અપમાનનાં વશ થઈ, દુઃખ-અશાંતિને વરવું નથી.
પ્રકૃતિને આધીન ન બની, સાચ્ચા યોગી બનવું છે.
ઠંડી-ગરમી-વરસાદ જોઈ સેવાકાર્યને ના છોડવું છે.
જ્ઞાન સૂર્ય શિવબાબાને દિલ નભમાં હંમેશા જોવા છે.
સમસ્યા તારલાઓને જોઈ બાબાનો હાથ ને સાથ છોડવો નથી.
સંસ્કારોને સાથે રાખી, જીવન પરિવર્તન કરવું છે.
પુષ્પની પાંખડીઓમાં રંગ-તરંગોને જોવા નથી.
અવિનાશી જ્ઞાનના રંગથી, મન રૂપી મકાનને રંગવું છે.
દિવ્ય ગુણોની ધારણા કરી વાસનાનો શિકાર બનવું નથી.
સ્વસ્થ બુદ્ધિ, સ્થિર મન સાચ્ચા રાજયોગી બનવું છે.
એક પ્રભુ પિતાનાં બાળક બની માયાનાં રોગી બનવું નથી.
કોઈ બદલે કે ન બદલે, મારે જ બદલવું છે.
જ્ઞાન રત્નોથી ઝોળી ભરી કોઈનાં અવગુણોને જોવા નથી.

॥ ઓમશાંતિ ॥

મુક્તકો

બી.કે. કલ્યાણભાઈ, બરવાળા

સુખી થવા આ શરીરથી,
શોધો ઉપાય અપાર,
પણ પવિત્રતા વિણ
બીજો નથી જગમાં ઉદ્ધાર.

પવિત્રતા એ આત્માની
ખરી જનેતા જાણો,
સુખ અપાવે દુઃખ મિટાવે,
નિશ્ચય લેજો જાણી.

જાણ કરે છે જગતભરને
ખુદ શિવબાબા સમજાવી,
ઉઠો જાગો, ઊંઘ ત્યાગો,
અમૃતવેળા આવી.

અમૃતવેળા અમૂલ સમય છે,
ખુદ ઈશ્વર કહે છે આવી.
સતયુગમાં જવા માટેની
આ ખરી છે ચાવી.

બુદ્ધિરૂપી ચાવી લગાવો,
પરમધામને પાઓ.
સાક્ષાત ઈશ્વરને મળવાનો
ફરી નહીં મળે લ્હાવો.

દિવ્યગુણોનો અખૂટ ખજાનો,
દેવા આવ્યો છે માવો,
કલ્યાણ અવસર ચૂકીશ તો,
ફરી નહીં મળે આ લાહવો.

॥ ઓમશાંતિ ॥

પરમાત્માનું દિવ્યકર્મ

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી

સુવર્ણયુગ એવા સતયુગમાં આપણે સોળે કળાએ સંપૂર્ણ હતા. સર્વગુણ સંપન્ન હતા. સંસ્કાર સ્વભાવમાં સતોપ્રધાનતા હતી. મર્યાદા પુરુષોત્તમ - પૂર્ણ પુરુષોત્તમ હતા. અહિંસા પરમો ધર્મ. એક જ ધર્મ હતો 'આદિ સનાતન દેવી-દેવતા ધર્મ.' સર્વ પ્રકારે સંપત્તિવાન હતા. તનનું સુખ, મનનું સુખ, ધનનું સુખ અને જનનું સુખ. લક્ષ્મી નારાયણનું રાજ્ય હતું. આવા મજાના સતયુગનાં સુખ સાહ્યબીમાં ૮ જન્મ લીધા.

ત્રેતાયુગમાં સોળ કળામાંથી બે કળા ઓછી થઈ. સતોપ્રધાનમાંથી સતો સામાન્ય બન્યા. પરંતુ ક્ષત્રિય ધર્મ પાળનારા સૌ સર્વ પ્રકારે સુખી હતાં. સીતારામનું રાજ્ય હતું. તેમાં ૧૨ જન્મ લીધા. આમ ૨૫૦૦ વર્ષ સુખ શાંતિની જ દુનિયા ચાલી. પછી...

દ્વાપરયુગમાં માયાએ ધીમે ધીમે પગ પેસારો કર્યો એ સાથે જ દુઃખ અશાંતિની શરૂઆત થઈ. આત્માની કળા ઘટતાં ઘટતાં ૮ થઈ. રજોપ્રધાન સંસ્કૃતિમાં ૨૧ જન્મોના ૧૨૫૦ વર્ષ દરમિયાન શરૂમાં એક ઈશ્વરની ભક્તિ અને પછી અનેક દેવી દેવતાઓની ભક્તિ ચાલી.

દ્વાપરયુગ પૂરો થતાં સૃષ્ટિચક્રનો છેલ્લો યુગ- 'કલિયુગ' શરૂ થયો. ભક્તિની ઉતરતી કળામાં મનુષ્યોની અને પાંચ તત્ત્વોની ભક્તિ થવા લાગી. એક ભગવાનની ભાવના ભૂલાઈ ગઈ. માયાની તમોપ્રધાનતાએ માઝા મૂકી. વિષય વિકારોમાં ફસાતાં માયાએ આત્માની બધી જ કળાઓ ઝૂંટવી લીધી. સર્વ પ્રકારની સંપત્તિ માયાએ લૂંટી લીધી. આત્મા કંગાળ બનતાં નિર્બળતા આવી. કોઈ જાતનાં સુખ શાંતિ રહ્યાં નહિ. આવા અતિ ધર્મ ગ્લાનિના સમયમાં કરુણાના સાગર એવા પ્રેમાળ પરમપિતા પરમાત્માનું દિવ્ય અવતરણ થાય છે. કલિયુગના અંતે અને સતયુગના આરંભના સંધિકાળમાં.

જ્ઞાનના સાગર પ્રભુ-પિતા તો જાણે જ છે કે માયાના સંગમાં જ મારાં બાળકોની આવી દયાજનક હાલત થઈ છે. આથી એ માયાનો સંગ છોડાવવા કામચિતા પરથી ઉતારી જ્ઞાનચિતા પર બેસાડી તમોપ્રધાનમાંથી ફરી સતોપ્રધાન બનાવવા પુરુષાર્થ કરાવે છે. ભગવાનને ભૂલવાની આપણી મોટામાં મોટી ભૂલ તેઓ ધ્યાનમાં લેતા નથી અને પોતાનો ખરો પરિચય આપે છે. પરમપિતા આપણને સમજાવે છે કે, 'બાળકો, તમે પોતાને જે શરીર માની બેઠાં છો તે દૃશ્યમાન નાશવંત શરીર તમે નથી. તમે તો એ શરીરને ચલાવનાર અદૃશ્ય એવા અજર-અમર આત્મા છો.' સર્વ વિદ્યાઓમાં ઉત્તમ એવી આત્મવિદ્યા શીખવવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી પ્રજાપિતા બ્રહ્મા દ્વારા.

બાળકોને સમજાવતાં વધુમાં તેમણે કહ્યું કે, 'માયાના પ્રભાવમાં આવી તમે તમારી જાતને જ ભૂલી ગયાં છો.' આવું ભાન કરાવ્યું. .. એટલું જ નહિ પરંતુ કલિયુગી રાત પૂરી થવા આવી છે અને સતયુગી સવાર ઉગું ઉગું થઈ રહ્યું છે એ સમયે માયાની ઊંઘમાંથી આપણને જગાડે છે. માયામાં લપેટાઈને સાવ કનિષ્ટ શુદ્ર બની ગયેલ આપણને સૌને ફરી દેવત્વ તરફ વાળવા માટે સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણ ધર્મ સમજાવતાં કહે છે કે, 'મન-વચન-કર્મની પવિત્રતાની જનોઈ ધારણ કરો અને હું જે સર્વોચ્ચ ગીતા જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપું છું તેમાં મંડ્યા રહો તો ફરી સોળે કળાએ સંપૂર્ણ

સતોપ્રધાન દેવી દેવતા બની જશો.'

આપણે કેવા નગુણા કે ઈશ્વરની ગ્લાનિ કરતા હતા. છતાં એ પ્રેમાળ પિતાએ આપણને અપનાવ્યાં! એમ આપણે કોઈના પ્રત્યે પ્રેમભાવ દાખવીએ છીએ ? 'બાપ એવા બેટા' બનવું જોઈએ ને ?

માયામાં ગળાડૂબ એવા આપણને બચાવવાએ કરુણાના સાગર પ્રભુ પિતાએ આપણને ઉદાર દિલે પ્રોત્સાહન આપી પુરુષાર્થનો રાજમાર્ગ બતાવ્યો અને રાજયોગી બનાવ્યા આપણે કોઈને આગળ વધારવા શું કાંઈ પ્રોત્સાહનના બે વેણ કહેવા તત્પર છીએ ? બાપ સમાન બનવું હોય તો બાપને પગલે પગલે ચાલવું જોઈએ ને ?

પ્રેમ, કરુણા અને મૈત્રીભાવના સમન્વયથી માફી આપવાની અને માફી માગવાની ક્ષમતા આવે છે. પ્રભુ પિતાએ કહ્યું કે, 'ગઈ ગુજરી ભૂલી જાવ. તો આગળ વધી શકશો. એટલે કે હું તો તમારી ભૂલો ધ્યાનમાં નથી લેતો પરંતુ તમે પણ એને વાગોળો નહિ. એમ કરી પોતાને માફી આપો... અન્યને માફી આપવા જેવા બળુકા બની બતાવો. ત્યારે સર્વ શક્તિવાન બાપના બાળકો માસ્ટર સર્વશક્તિવાન બને, ખરું ? આ રીતે સર્વનો સહયોગ સાંપડે તો જ સુખમય સ્વર્ગની સ્થાપનાના કાર્યમાં નિમિત્ત બની શકાય.' આવું અદ્ભુત શિક્ષણ આપનાર આપણા પરમપિતા પરમ શિક્ષક સ્વરૂપે આપણને પરમ સ્ટુડન્ટ બનાવે છે અને પોતાના સમાન બનાવે છે.. એવા તો સંપૂર્ણ દેવી દેવતા કે દ્વાપર યુગમાં એમને (આપણને) જ ઈશ્વર તરીકે પૂજવામાં આવે છે. તેથી તો ગવાયું કે 'ભગવાનને અપને જૈસા હર એક ઈન્સાન બનાયા'... પરંતુ આજના કલિયુગી માનવને જોઈને વિચાર આવે કે.....

'યે જૂઠ કિસને ફૈલાયા ?

યે પાપ કહાંસે આયા ?

પરંતુ આવા પાપીને પણ..

'ભગવાનને અપને જૈસા હર એક ઈન્સાન બનાયા ....' કેવી રીતે ? એ ઈશ્વરની લીલા આપણે હવે સમજી ગયાં.

તો ચાલો, પ્રભુપિતા સમાન બનવા પ્રખર પુરુષાર્થી બનીએ, સૌનો સાથ સહયોગ લઈએ એમ સૌના સહયોગી બનીએ.

|| ઓમશાંતિ ||

(પેજ નં. ૩૦નું અનુસંધાન)

શક્તિ હોય તો એ પ્રેમ છે. જ્યાં પ્રેમ છે. ત્યાં મધુરતા છે અને જ્યાં પ્રેમ નથી ત્યાં સંસાર ખારો ઝેર છે. સાચો પ્રેમ ત્યાગ અને સમર્પણની ભાવનામાં સમાયો છે. સાચા પ્રેમમાં સ્વાર્થ અને મોહ કદી હોતો નથી. આમ પ્રેમ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. વળી તમે બીજાને પ્રેમ અને સન્માન જેટલું આપો એટલું સામેથી મળશે. આમ પ્રેમનો મહિમા અનેરો અને અવર્ણનીય છે. ચાલો, આપણે પણ પ્રેમ અને આનંદના સાગર પરમપિતા પરમાત્માની નિરંતર યાદમાં સમાઈ જઈએ અને જગતમાં જ્યોતથી જ્યોત જલાવતા રહીને પ્રેમની ગંગા વહાવતા રહીએ.

|| ઓમશાંતિ ||

સારાં કાર્યોનો માત્ર વિચાર જ ન કરો. પણ આખો દિવસ સારું કાર્ય કરતા રહો કે જેથી તમારું જીવન ભવ્ય મધુર, ગીત બની જાય.

•

જ્યાં ગરીબનું સન્માન છે ને નીતિનું ધન છે એ ઘર વૈકુંઠ સમાન છે.

સફળતાનાં દશ સૂત્રો

ડૉ. ચંદ્રકાન્ત મહેતા, અમદાવાદ

અમેરિકાના બંધારણના ઘડવૈયા થોમસ જેફરસન કહે છે કે જે કોઈ નીચેના દશ સિદ્ધાંતો અનુસાર કામ કરશે તે અવશ્ય સફળતા પ્રાપ્ત કરી શકશે, સફળતાનાં શિખરો એક પછી એક સર કરી શકશે.

આ રહ્યા થોમસ જેફરસને દર્શાવેલ દશ સિદ્ધાંતો -

૧. તમે આજે જે કામ કરી શકતા હો તેને ક્યારેય કાલ પર મુલતવી રાખશો નહિ.

૨. તમે જાતે જે કામ કરી શકતા હો તે ક્યારેય બીજાને સોંપતા નહિ - બીજા પર ઠેલશો નહિ.

૩. તમે જેટલું કમાયા હો તેનાથી વધુ ખર્ચ ક્યારે પણ કરશો નહિ - પછી ભલે તે ચીજ સસ્તામાં મળતી હોય.

૪. ખરેખર જેની અત્યંત જરૂર ન હોય તે વસ્તુ ક્યારેય ખરીદશો નહિ - પછી ભલે તે સસ્તામાં મળતી હોય.

૫. ગુસ્સો આવે ત્યારે કાંઈ પણ બોલતા પહેલાં મનમાં દશ ગણી કાઢજો. ગુસ્સો બહુ ભારે હોય તો પૂરા સો ગણી નાખજો.

૬. ભૂખ અને તરસ કરતાં આત્મસંતોષને વધુ મહત્ત્વ આપજો.

૭. કોઈ પણ કામ હાથમાં લો તો ખૂબ સંભાળીને હાથમાં લેજો. સમય, શક્તિ અને તમારી આવડતનો પૂરો ક્યાસ કાઢીને હાથમાં લેજો.

૮. કોઈ પણ કામ કેટલી ઝડપે પૂરું કર્યું છે. તેના કરતાં કેવી રીતે પૂરું કર્યું છે એને વધારે અગત્યનું માનજો. Quantityને બદલે Qualityને વધારે મહત્ત્વ આપજો.

૯. કાંઈ પણ કામ કરો તો સ્વેચ્છાએ ઉમળકાથી કરજો, તેમ કરવાથી તમને કામમાં રસ પડશે, તમારું કામ દીપી ઉઠશે.

૧૦. તમારું કામ કરનારની કદર કરતાં શીખશો તો તમારા કામની કદર થશે. આમ છતાં સિદ્ધાંત એ રાખજો કે બીજાના સારા કામની કદર કરવી. પોતાના કામની કદર થાય તેના કરતાં પોતાના કામનો પોતાને સંતોષ થાય તેને વધુ મહત્ત્વ આપજો.

સફળતા અને નિષ્ફળતા વ્યક્તિ પર નિર્ભર છે. કેટલીક વ્યક્તિઓ અશક્ય કે મુશ્કેલ લાગતા કામને પોતાની આવડત, ખંત, ધીરજ અને દૃઢ મનોબળ વડે સારી રીતે પાર પાડવા શક્તિમાન બને છે, તેથી ઊલટું કેટલીક વ્યક્તિઓ પોતાની બીન આવડત, ઉતાવળ, બેદરકારી અને મનની ચંચળતાને કારણે સરળ લાગતા કામને પણ ગૂંચવણભર્યું બનાવી દે છે. નેપોલીઅન બોનાપાર્ટના શબ્દો યાદ રાખવા જેવા છે. 'અશક્ય' શબ્દ મારા શબ્દકોષમાં નથી.

॥ ઓમશાંતિ ॥

Printed by BK Sarlaben R. Somiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, 1, Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad - 380 028. Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

વાસદમાં 8 ફુટ ફુલોનાં શિવલિંગ કાર્યક્રમમાં રાજયોગિની સરલાદીદી, MLA ભ્રાતા અમીતભાઈ, જીલ્લા પંચાયત પ્રમુખ ભ્રાતા ગૌરાંગભાઈ, સત્યનારાયણ મિલના માલિક ભ્રાતા જગદીશભાઈ, બ્ર.કુ. દીપાબેન.

રાજકોટ કોટડાસંગાણીમાં 'શહિદી દિવસે' આર્ટસ્ કૉલેજના પ્રો. પાઠકભાઈ, તાલુકા પ્રભારી ભ્રાતા અકબરભાઈ, મેનાબેન, પતંજલિ યુવા પ્રભારી મનોજભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન તથા બ્ર.કુ. ભાવિશાબેન.

બાજીપુરામાં 'સંગીત સંધ્યા'માં સુગર ફેક્ટરીના ચેરમેન ભ્રાતા સમીરભાઈ, ભ્રાતા કૌશીકભાઈ, બ્ર.કુ.અરુણાબેન તથા પ્રીતિબેન.

'ટચ ધ લાઇટ' અંતર્ગત પડધરી સેવાકેન્દ્ર પર પધારેલા જ્ઞાનદીપ શાળાના વિદ્યાર્થીઓ, આચાર્ય ઈલાબેન સાથે બ્ર.કુ. કાજલબેન.

વાકાંનેરમાં શિવરાત્રીના 'અમરનાથ દર્શન'માં પૂર્વ નગરપતિ ભ્રાતા જીતુભાઈ, ગાયત્રી મંદિરના મહંત ભ્રાતા અશ્વિનભાઈ રાવલ, સીરામીક ગ્રુપના પ્રમુખ દીનુભાઈ, બ્ર.કુ. શૈલાબેન તથા બ્ર.કુ. સારિકાબેન.

અમદાવાદ કુબેરનગરમાં 'ધ્વજારોહણ' પ્રસંગે ભ્રાતા રામચંદ સાવલાની, ખાલસા હાઈસ્કુલનાં ટ્રસ્ટી ભ્રાતા અજીતસિંહજી, સેવા ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી ભ્રાતા મૂલચંદજી તથા બ્ર.કુ. અનિતાબેન.

બારડોલીમાં 'શિવરાત્રી' પર્વ નિમિત્તે આયોજીત રથયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતાં બ્ર.કુ. મંજુલાબેન તથા બ્ર.કુ. લક્ષ્મીબેન.

કેશોદમાં 'હોળી પ્રાગટ્ય' પ્રસંગે ઇશ્વરીય સંદેશ આપ્યા બાદ MLA ભ્રાતા અરવિંદભાઈ, ડૉ. અજુડીયાભાઈ સાથે બ્ર.કુ.રુપાબેન.

Gyan Amrit Vol.9 | Issue 5 | May 2016 | Retail Price - 10/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2014-2016 Vaild up to 31st December-2016 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

ઘોડાસર સેવાકેન્દ્રના મંગલ ત્રિવેણી મહોત્સવ નિમિત્તે દીપ પ્રજ્જવલન કરતા રાજયોગિની બ્રહ્માકુમારી સરલાદીદી, બ્ર.કુ. જશુમતીબેન, ભ્રાતા હસમુખભાઇ પટેલ (ધારાસભ્યશ્રી, અમરાઇવાડી), ભ્રાતા નારાયણભાઇ દેસાઇ (અગ્રણી સોશયલ વર્કર), મહંતશ્રી નરેન્દ્રભાઇ (બચુભાઇ આશ્રમ-ઘોડાસર), બ્ર.કુ. ડૉ. મુકેશભાઇ, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ જાગૃતિબેન તથા અન્ય.

ભરુચ ઝાડેશ્વર સેવાકેન્દ્રમાં 'મહાશિવરાત્રી' પર્વ નિમિત્તે શિવ ઝંડારોહણ કાર્યક્રમમાં રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ. પ્રભાબેન તથા સર્વ બ્રહ્માવત્સો.

છોટા ઉદેપુરમાં શિવરાત્રી કાર્યક્રમમાં પૂર્વ રેલ્વે મંત્રી ભ્રાતા એન.જે.રાઠવા, SDM ભ્રાતા સી.પી.બરંડા, Ex. MLA શંકરભાઇ, જીલ્લા પ્રમુખ ધૂળીબેન, નગરપાલિકા પ્રમુખ અલ્પાબેન, અનિરુધ્ધભાઇ તથા બ્ર.કુ. મોનિકાબેન.

ગાંધીનગર સેક્ટર-૩ ખાતે 'મહાશિવરાત્રી'ના કાર્યક્રમમાં વન પર્યાવરણ મંત્રી ભ્રાતા બચુભાઇ ખાબડ, ડૉ. ઉપાધ્યાયભાઇ, ડૉ. સુરેન્દ્રભાઇ, ડૉ. મહિપતસિંહભાઇ, કૉરપોરેટર ભ્રાતા શંકરભાઇ તથા બ્ર.કુ. સુનિતાબેન.

રાજકોટ અવધપુરીમાં 'મેડીકલ કેમ્પ'ના ઉદ્દઘાટનમાં બ્ર.કુ.ભારતીબેન, ડૉ. નારાયણ ખંડેલવાલ, ડૉ. મુરલીધરભાઇ, ડૉ. ઉમેદભાઇ, ડૉ. કપિલભાઇ, ડૉ. જગદીશભાઇ, ભ્રાતા અશોકભાઇ તથા બ્ર.કુ.રેખાબેન.